Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

मग्नान्संसृतिवारिधौ हतसुखान्दृष्ट्वा जनानां व्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुध्वेन्द्रियाश्वान् जवात्
जन्तून्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
'आत्मानन्द प्रकाश' मादिशदसौ जीयाज्जिनेंद्रः प्रभुः ॥१॥

पु. १९. | वीर सं. २४४८ ज्येष्ठ आत्म सं. २६ | अंक ११ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ નિર્વિકલ્પ દશાનું સામર્થ્ય. ... | ૨૬૩ | ૮ સંભાષણ–કુશળતા. ... ... | ૨૭૬ |
| ૨ મહાવીર પ્રભુની મૂર્તિને.... ... | ૨૬૪ | ૯ સાચા સુખના અર્થી જનોએ... | |
| ૩ સાચો હિતમાર્ગ ... ... ... | ૨૬૪ | નિર્દોષ જીવન ગાળવાની જરૂર.... | ૨૮૨ |
| ૪ હિતશિક્ષાના રાસમાંથી સુંદરબોધ. | ૨૬૬ | ૧૦ જયંતી ઉજવવાનો હેતુ... ... | ૨૮૩ |
| ૫ શ્રાવકની કરણીનું રહસ્ય... ... | ૨૬૭ | ૧૧ આ સભાનો છવીશમો વાર્ષિક ... | |
| ૬ ઐતિહાસિક સ્વાધ્યાય. ... ... | ૨૭૦ | મહોત્સવ. ... ... ... ... | ૨૮૪ |
| ૭ શ્રીમાન હેમચંદ્રાચાર્યનું જીવન... | | ૧૨ વર્તમાન સમાચાર. ... ... | ૨૮૫ |
| વૃતાંત. ... ... ... ... | ૨૭૨ | ૧૩ ગ્રંથાવલોકન. ... ... .... | ૨૮૮ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આત્માનંદ પ્રકાશના સુજ્ઞ ગ્રાહકોને નમ્ર સુચના.

અમારા માનવંતા ગ્રાહકોને આ ઓગણીશમા વર્ષની ભેટ તરીકે વીશ ફારમનો મોટો એક બોધદાયક ગ્રંથ ભેટ આપવા માટે છપાય છે. દરવર્ષે નિયમિત ભેટ આપવાનો અમારોજ ક્રમ છે તે અમારા ગ્રાહકોના લક્ષમાંજ છે. કેટલાક વખતથી પોસ્ટ ખાતામાં વેલ્યુપેબલનો ચાર્જ વધ્યો છે, પ્રથમ અત્રે બે આના વી૦ પી૦ ની ફીની ટીકીટો ચોડ્યા છતાં બે આના વી૦ પી૦ લેનાર (સ્વીકારનાર) ની પાસેથી પણ પોસ્ટ ખાતા તરફથી વધારે લેવાય છે. ( બુકના વજન ઉપરનો દર પણ જુદોજ છે. ભેટની બુક વી૦ પી૦ થી મોકલતાં આવી રીતે વધારે ખર્ચ આવે છે, તેથી જે ગ્રાહક મહાશય આ વર્ષનું લવાજમ મનીઓડરથી કે બીજી રીતે પ્રથમ મોકલી આપશે તેમને ભેટનો ગ્રંથ બુકપોસ્ટથીજ મોકલવામાં આવશે. જેથી તેમને ચાર આનો લાભ થશે. પ્રથમથી લવાજમ નહીં મોકલનાર બંધુઓને વી૦ પી૦ મોકલવામાં આવશે.

પ્રથમ લવાજમ મોકલનાર બંધુએ રૂા. ૧-૪-૦ લવાજમ અને બુકપોસ્ટના રૂા. ૦-૨-૦ મળી રૂ. ૧-૬-૦ મોકલવા તસ્દી લેવી અને જે બંધુઓને વી૦ પી૦ થી મોકલવામાં આવશે તેમને ઉપર પ્રમાણે લવાજમના અને વી૦ પી૦ ચાર્જના મળી રૂા. ૧-૧૦-૦ નું વી૦ પી૦ કરી મોકલવામાં આવશે. બુક ઘણી મોટી હોવાથી પોસ્ટનો ચાર્જ સહેજ વધારે આવશે.

જે બંધુઓને વી૦ પી૦ ન સ્વીકારવું હોય તેમણે અમોને પ્રથમથી લખી જણાવવું જેથી પોસ્ટ ખાતાને અને અમોને નકામી મેહેનત પડે નહીં.

---


જલદી મંગાવો. ઘણીજ થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

## જૈન પાઠશાળા, કન્યાશાળા અને પ્રકરણના અભ્યાસીઓને ખાસ લાભ

જૈનપાઠશાળામાં અભ્યાસ કર્તા જૈન બાળકો અને કન્યાઓ તથા પ્રકરણના અભ્યાસીઓને માટે પ્રકરણોના ત્રણ ગ્રંથો જૈનશાળામાં પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી જે પ્રકરણ પ્રથમ ચલાવવામાં આવે છે તે ૧ જીવ વિચાર વૃત્તિ, ૨ નવતત્ત્વ અવચૂરિ, ૩ તથા દંડક વૃત્તિ તે આ ત્રણે ગ્રંથો છે. તે એવી રીતે પ્રગટ કરવામાં આવેલ છે કે, મૂળ સાથે નીચેજ મૂળનું અને અવચૂરિ સાથે નીચેજ અવચૂરિનું ગુજરાતીમાં ભાષાંતર આપવામાં આવેલ હોવાથી, તેમજ ભાષાંતર પણ શબ્દ અને અક્ષરસહ સરલ અને સ્ફૂટ રીતે આપવામાં આવેલ હોવાથી, લઘુ વયના બાળકો અને કન્યાઓને તે મોઢે કરવા કે અર્થ સમજવા બહુજ સુગમ પડે તેમ છે, શૈલી એવી રાખેલ છે કે વગર માસ્તરે પણ શીખી શકાય તેમ છે. જૈનપાઠશાળા, કન્યાશાળાઓમાં ખાસ ચલાવવા જેવા છે.

જૈનપાઠશાળા કન્યાશાળા માટે મંગાવનારને ઘણીજ ઓછી કિંમતે ( જુજ કિંમતે ) માત્ર ધાર્મિક (કેળવણી) શિક્ષણના ઉત્તેજન માટે આપીશું. ધાર્મિક પરિક્ષા કે બીજા ઈનામના મેળાવડામાં ઇનામ માટે મંગાવનારને પણ અલ્પ કિંમતે આપીશું.

અન્ય માટે પણ મુદ્દલ કરતાં ઓછી કિંમત રાખવામાં આવેલ છે.

૧ નવતત્ત્વનો સુંદર બોધ-પાકી કપડાની બાઈંડીંગ રૂા. ૦-૮-૦ આઠ આના. કાચું બાઇડીંગ માત્ર રૂા. ૦-૬-૦ છ આના.

૨ જીવ વિચાર વૃત્તિ પાકા બાઈંડીંગની માત્ર રૂા. ૦-૪-૦ ચાર આના.

૩ દંડક વિચાર વૃત્તિ પાકા બાઇંડીંગના માત્ર રૂા.૦-૫-૦ પાંચઆના (પો. જુદું.)

ઘણીજ થોડી નકલો સીલીકે છે જેથી અમારે ત્યાંથી જલદીથી મંગાવશો.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

तत्त्ववेदिभिरात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्व-
विकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्,
तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थके-
ष्वप्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वा-
णमनुकम्पया वारयेयुः ।

पुस्तक १९ ] वीर संवत् २४४८ ज्येष्ठ. आत्म. संवत् २६. [ अंक ११ मो.

## निर्विकल्पदशानुं सामर्थ्य.

જેના સદ્ભાવથી આ સુખદ સઘળી વસ્તુ સંપ્રાપ્ત થાય,
ક્લેશો ચિત્તો તણા જે હૃદય રમતાં શકિતથી દૂર જાય;
એવું જાણી વિચારી પ્રયત બનવા શાંતિથી કાર્ય સાધી,
ટાળી સર્વે વિકલ્પો પ્રભુ જીવનમાં યોગ સાન્નિધ્ય રાખી.

## परमपदना अभिलाषी नी व्यक्तिरुपे उक्ति

ઇચ્છા સર્વાત્મભાને રમણકરવા વિશ્વ બંધુત્વ ભાવે,
સમ્યગ્ રત્નત્રય સુરૂચિમાં ચિત્ત યોગો જગાવે;
સેવી મધ્યસ્થ વૃત્તિ દીન હીન જનમાં ભાવકારૂણ્ય લાવી,
પામું ક્યારે ! પરમપદ જે જ્ઞાન જ્યોતિઃ પ્રભાવી.

ફતેહચંદ ઝવેરભાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " महावीर प्रभुनी मूर्तिने ! ! ! "

( સિદ્ધગિરિ મંડણ ઈશ...... )

ત્રિશલાનંદન વીર, દ્રષ્ટિ શુભ્ર મૂર્તિની;
અર્પિ ભક્તિનું પાન, લહરીઓ ઉછાળતી. ૧

ક્ષાત્રતેજ જિનેંદ્ર, દયા મિશ્રિત બની;
વ્યાપતું-સ્ફુર્તું સ્મિત, મુખે વીરતા ભરી. ૨

નુતન પુષ્પોદ્ગમ, થયો શું વીર મુખે ?
ઓષ્ઠે રક્તજ પુષ્પ, ખીલ્યું શું તવ વિષે ? ૩

નયનો સ્નેહ રસે, વળી ઝળકતાં અવિરતે;
કર્યાં ચક્ષુ શું સ્થિર, નીરખવા ભવિજને? ૪

અયે નંદ વિહારી, વિહાર શું શરૂ કરી;
સ્થાપિ દ્રષ્ટિ શું રમ્ય, સ્થળો પ્રતિ સ્થિર કરી ? ૫

ધર્યું ધ્યાન યોગેશ, કર્યાં સ્થિર ચક્ષુને;
દીવ્ય જ્ઞાન ને તાન, મેળવવા શુદ્ધ રીતે. ૬

સાત્વીક સત્વે સોહાતી, મૂર્તિ તુજ અર્મીભરી;
શાંત જીવનના સુત્રો, ગુંથીને અર્પતી. ૭

મૂર્તિ મનહર તાહરી, ભક્તિ રેલાવતી;
વદી સુક્ષ્મ રવે સં, દેશ પ્રભુ વિરામતી. ૮

## કેવળ હિત-પરમાર્થ બુદ્ધિથી સંત-સાધુજનો આપણને સાચો હિત માર્ગ બતાવે તેને આદરતાં પ્રમાદ- ઉપેક્ષા કરીએ તે ગાંઠની મૂડી ગુમાવવા જેવી ગંભીર ભૂલ લેખાય.

પરોપકારી સંત-સાધુજનો કેવળ હિતબુદ્ધિથીજ આપણને સન્માર્ગ બતાવી રહ્યા હોય ત્યારે પ્રમાદ-વિષય કષાયાદિકને વશ થઇ તેનો અનાદર કરાય તે તો આપણો પ્રગટ અવિવેકજ લેખાય. સર્વજ્ઞ-વીતરાગદેવ અને નિગ્રંથ ગુરૂની સેવા-ઉપાસના કરનાર દરેકે દરેક જૈન ભાઇ બ્હેને અવશ્ય વિચારવું ઘટે કે આપણા આચાર વિચાર એવા તો શુદ્ધ-પવિત્ર હોવા જોઇએ કે તેનું ગમે તે અન્ય દર્શની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઈ બ્હેનો પ્રીતિથી અનુકરણ કરે. તેના બદલે જ્યારે તેઓજ આપણી નિંદા-ટીકા કરે એટલે દરજ્જે આપણા આચાર વિચારને મલીન કરી મૂકીએ તોપછી આપણામાં જૈનપણું રહ્યુંજ ક્યાં ? જીવદયા ( જયણા ) જેના દીલમાં વસીજ હોય તેવો કોઇપણ જૈન બચ્ચો ભૂમિ શુદ્ધિ કરવા નિમિત્તે સુકોમળ વાસંદી વાપરવાને બદલે કરવત જેવી ધારવાળી ખજૂરીની સાવરણી વાપરી શકે ખરો ? અત્યારે અન્ય દર્શનીઓની પેરે જૈનો પોતાના ઘર હાટ વિગેરે સ્થળે ખજૂરીની સાવરણી વાપરતાં જરાએ શંકાય છે ખરા ? નહીંજ. તોપછી તેમને જૈન શી રીતે લેખવા ? જેના દીલમાં જીવદયાજ ન હોય તે કઠોર દીલના જીવો જૈનધર્મને લાયકજ કેમ લેખાય ? આ વાત ગંભીરપણે વિચારવા યોગ્ય છે. ખાનપાનાદિક બીજા અનેક પ્રસંગે પણ એવીજ ઉપેક્ષા થતી જણાતી નથી શું ? જેમાં અસંખ્ય જીવો ક્ષણે ઉપજે અને વિણસે એવો એઠવાડ કરતા તેમને ડર લાગે છે ? નહીંજ. પીવાનું પાણી પણ કેવું ગોબરૂં-એઠું કરી મૂકાય છે ? જાણેકે ઢોરના અવેડાના પાણી જેવું એક બીજાની લાળ મિશ્રિત ગંદુ બની રહ્યું હોય. સુજ્ઞ કે વિવેકી ભાઇ બ્હેનોએ તો આવી ગોબરાઈ કરતાં તરતજ અટકી જવું જોઇએ અને ચોખ્ખાઇ રાખવી જોઇએ. રાંધેલા ભાત વિગેરેમાંથી એળ, ધનેડા પ્રમુખ મૃત કલેવરો નીકળતા-નીકળેલા નજરે જોવાય છે તેમ છતાં તેની ધૃણા કોને આવે છે ? પૂરતી તપાસ રાખી તેવી થતી ભૂલો જે ધારે તે તરતજ સુધારી શકે છે. જીવવિચાર, નવતત્ત્વ કે કર્મગ્રંથ વિગેરે પોપટની પેઠે પઢી જવાથી કશું વળતું નથી. ભણીને પાછું ગણવું જોઇએ. વિવેક વગરની કરાતી ધર્મકરણી સાવ ફીક્કી લાગે છે. હૃદયમાં કોમળતાદિક પ્રગટે તો એ ધર્મ કરણી લેખે પડે. અન્ય અનાથ જીવોનું હિત સાચવતાં આપણું હિત સધાય છે એ ભાવ-લક્ષ વગર કાળજી ક્યાંથી રહે ? પશુવર્ગ તરફ દેખાદેખી દીલસોજી કંઇક રખાય છે ખરી પણ તે ખરા અર્થમાં તો નહીંજ. એ બધા કરતાં દુર્લભ મનુષ્યભવ પામેલા માનવ જાતિ તરફ અથાગ પ્રેમભાવ હોવો જોઇએ. તેના બદલે અપ્રીતિ, ઇર્ષ્યા, અદેખાઇ ફાટી નીકળેલી જોઇને કોણ સજ્જનનું હૃદય બળતું નહીં હોય ? ગુણ-ગુણી પ્રત્યે તો અવશ્ય પ્રેમ રાખવો જોઇએ તેના બદલે પેટ ભરી ભરીને નિંદા-ચાડીનોજ વ્યાપાર લઇ બેસાય તોપછી તેમાં જૈનપણું રહ્યુંજ ક્યાં ? જ્યાં ત્યાં સ્વતંત્રતાના બ્હાને સ્વચ્છંદતાજ છાઇ રહી લાગે છે તેમાંથી જૈનો કોઇ રીતે ઉગરો એવું ઇચ્છી હાલ વિરમું છું. લેખક.

મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ

For Private And Personal Use Only

# સુપ્રસિદ્ધ શ્રાવક વર્ય્ય શ્રી ઋષભદાસ વિરચિત 'હિત શિક્ષા 'નામના સર્વાંગ સુંદર રાસમાંથી આચારમાં ઢીલા થઈ પડેલા પણ ગુણાનુરાગી દરેક શાણા સ્ત્રી પુરૂષે લેવા યોગ્ય સુંદર બોધ.

પોતાના દુર્લભ માનવ ભવને સફળ–સાર્થક કરવા ઇચ્છતા ગમે તે ભવ્યાત્માને હિતકારીજ થાય એવી અનેક પ્રકારની હિતશિક્ષાઓથી સંકલિત સર્વાંગ સુંદર હિતશિક્ષા નામનો અતિ સરલ–સુબોધ રાસ ઘણી સાદી જુની ગુજરાતી ભાષામાં સુપ્રસિદ્ધ શ્રાવક કવિવર શ્રી ઋષભદાસજીએ બનાવ્યો છે. એક સારા ગૃહસ્થ શ્રાવકને છાજે એવા સરસ આચાર વિચારને સેવનાર એ કવિશ્રી હતા. તેઓ શ્રીમદ્ હીરવિજયસૂરીશ્વરની લગભગ વિદ્યમાન હતા. સૂરીશ્વરના ખાસ પટોધર શ્રી વિજયસેન સૂરિને ગુરૂ તરીકે પોતે કઇક સ્થળે પોતાની વિવિધ કાવ્યરચના પ્રસંગે ઓળખાવે છે. તે ખાસ કરીને બીજા સુશ્રદ્ધાળુ ગૃહસ્થ જૈન કવિઓએ ધડો લેવા લાયક છે. ગુણાનુરાગી શ્રાવક શ્રાવિકાઓને પોતાનું ચારિત્ર ઘડવામાં ઠીક ઉપયોગી થાય એવું તેમનું પોતાનું ચરિત્ર લક્ષપૂર્વક વાંચવા–વિચારવાને અનુકરણ કરવા યોગ્ય છે. આ હિત શિક્ષાના રાસમાં ખાસ કરીને સદાય અનુકરણ કરવા લાયક ખરા આદર્શ ગૃહસ્થ જીવનમાં ઉપયોગી થઇ શકે એવો સુંદર વ્યવહારૂ બોધ હિત શિખામણરૂપે આપેલો છે. તે વખતે શ્રાવક જીવન કેટલું બધું ઉચ્ચ–ઉન્નત હશે તેની સહજ ઝાંખી એથી આવી શકે છે; અને ગૃહસ્થ જીવન કેવું સુંદર વર્તન વાળું હોવું જોઇએ તેનો ઠીક ખ્યાલ બાંધી દરેક શ્રોતાજને પોતાનું વર્તન તેવું પવિત્ર બનાવવા પ્રયત્ન કરવો ઘટે છે. આ રાસમાંથી શ્રોતાજનો ગમે તે સ્થળેથી કંઈને કંઈ સુંદર હિતકારી બોધ મેળવી શકે છે. તેમાં સંકલિત કરેલી હિતશિક્ષાઓને સુંદર દાખલા દલીલોને ચરિત્રોથી સમર્થવામાં આવી છે. તેથી બાળજીવો તે સુગમતાથી સમજીને આચરણમાં પણ ઉતારી શકે છે. આ રાસમાં અનેક ઉપયોગી હિતવાતોનો સમાવેશ કરેલ છે. તેને જો રસપૂર્વક વાંચવા કે સાંભળવામાં આવે તો હૃદય ઉપર તે સારી અસર ઉપજાવી શકે છે અને પોતાના વર્તનમાં જોતજોતામાં ઠીક સુધારો કરાવી શકે છે. આ રાસને યોગ્ય આદરપૂર્વક વાંચી કે સાંભળીને પોતાનાજ જીવનમાં ઉતારવા પ્રયત્ન સેવાય એ ખાસ કરીને ઇચ્છવા યોગ્ય છે. નિરંતર જીવનમાં ઉપયોગી થાય એવી અનેક હિતશિક્ષાઓ એમાંથી મળી શકે છે તે મેળવી સહુ ભાઇ બ્હેનોએ જાગૃત થવું ઘટે છે. ઇતિશમ્.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રાવકની કરણીનું રહસ્ય.

## કરણી ૬ ઠી.

( ગતાંક પૃષ્ટ ૨૪૩ થી શરૂ. )

" किं न स्पृष्टं क्षेत्रं " સાત પુણ્યક્ષેત્રમાંથી કયું ક્ષેત્ર ફરસ્યું નથી ?

" પોતે કોણ છે ? પોતાની શી અવસ્થા છે ? પોતાનું કુલ કેવું છે ? પોતાનામાં કેવા ગુણ છે ? અને પોતાનામાં કેવા નિયમ છે ? એ પાંચ કરણીનો વિચાર કર્યા પછી શ્રાવકે ક્ષેત્રનો વિચાર કરવાનો છે. તેથી એ ક્ષેત્ર વિચારને છઠી કરણીમાં ગણવામાં આવેલ છે. વળી જ્યારે શ્રાવક કોઇ જાતના નિયમને ધારણ કરનારો હોય છે, ત્યારે તે નિયમનો ઉપયોગ મુખ્યત્વે કરીને પુણ્યક્ષેત્રની સ્પર્શનામાં કરી શકે છે. તેમ વળી જે નિયમથી વર્ત્તનારો હોય, તે ક્ષેત્રની સ્પર્શના કરવાનો અધિકારી થાય છે.

આર્હત ધર્મમાં શ્રાવકાદિ સાત પુણ્યક્ષેત્રો ગણેલા છે. અને તે ક્ષેત્રોની પુષ્ટિને માટે શ્રાવકે યત્ન કરવાની આવશ્યકતા છે. જ્યાં સુધી શ્રાવક સાતક્ષેત્રોમાંથી કોઇ એક પણ ક્ષેત્રની સ્પર્શના કરતો નથી, ત્યાં સુધી તે શ્રાવકત્વથી અપૂર્ણ ગણાય છે. બનતાં સુધી શ્રાવકે યથાશક્તિ દરેક ક્ષેત્રની સ્પર્શના કરવી જોઇએ. શ્રાવક પણ પોતે ક્ષેત્ર હોઇ પોતાની પુષ્ટિ કરવાને બંધાએલો છે.

શ્રાવક, શ્રાવિકા, સાધુ, સાધ્વી, જ્ઞાન, ચૈત્ય અને જિન પ્રતિમા એ સાત પુણ્યક્ષેત્રો કહેવાય છે. એ પ્રત્યેક ક્ષેત્ર જૈન ધર્મના ઉપયોગી અંગો કહેવાય છે. તે અંગોના પોષણથી આખા આર્હત ધર્મનું પોષણ થઇ શકે છે. આર્હત ધર્મનો મહાન્ ઉદ્યોત પણ તે સાત અંગોને આશ્રીને રહેલો છે. આ પ્રસંગ ઉપર એક વૃત્તાંત કહેવાય છે કે, કલિકાળ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યે એક વખતે પોતાના એક ભક્ત શ્રાવકને કહ્યું હતું કે,

" पुण्यक्षेत्र स्वरूपेण सोपान सप्तके न च ।
मोक्षहर्म्यं समारुह्य भवानंदस्य भाजनम् ॥ १ ॥

" હે ભદ્ર, સાત પુણ્યક્ષેત્ર રૂપી સાત પગથીઆ વડે મોક્ષરૂપી હવેલી ઉપર ચડી તું આનંદનું પાત્ર થા. ૧ "

આ ઉપરથી સાત પુણ્યક્ષેત્રોનો પ્રભાવ દેખાઇ આવે છે. એવા પ્રભાવિક સાત ક્ષેત્રોની સેવા પ્રત્યેક શ્રાવકે કરવી જોઇએ. શ્રાવક જીવનની ઉપયોગિતા સિદ્ધ કરવાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધન પુણ્યક્ષેત્રોની સેવા છે. એ સાધનામાં જ શ્રાવકત્વ પૂર્ણ રીતે પ્રકાશિત થાય છે. રાગ એ વસ્તુ તત્વજ્ઞાનની દૃષ્ટિએ નિંદ્ય છે, પણ જો તે પુણ્યક્ષેત્ર સામે જોડાએલો હોય તો તે પ્રશંસનીય ગણાય છે. સાત ક્ષેત્રોનો રાગ કોઇ મહાસદ્ભાગી સંસ્કારવાન શ્રાવક હોય તેના હૃદયમાં જ ઉદ્ભવે છે. રાગની ભાવના પ્રત્યેક પ્રાણીના હૃદયની સાથે જોડાએલી છે, પણ તે ભાવનાનો આશ્રય પુણ્યક્ષેત્રની સાથે થવો જોઇએ. એવો રાગ તે રાગ નથી પણ તે ધર્મરૂપ છે. તેથી પ્રત્યેક શ્રાવકે સાત પુણ્યક્ષેત્ર તરફ રાગી થવું જોઇએ.

દાનને માટે શાસ્ત્રકારો અતિ પ્રશંસાના વચનો ઉચ્ચારે છે અને, દાન ધર્મની મહત્તાની મહાઘોષણા કરે છે, તેનું રહસ્ય શું છે ? તેનો જો વિચાર કરવામાં આવે તો સમજાશે કે દાનની ઉપયોગિતા સાત પુણ્યક્ષેત્રોને ઉદ્દેશીને રહેલી છે. વિશ્વોપકારી ભગવાન તીર્થંકરોએ દાન ધર્મનો ઉપદેશ સાત પુણ્યક્ષેત્રને માટેજ કરેલો છે. દાનથી કરવામાં આવેલી પુણ્યક્ષેત્રની પુષ્ટિદાતાને શ્રેયનું મુખ્ય સાધન થઇ પડે છે. તેથી શ્રાવકદાતાએ પોતાની દાનશક્તિરૂપ સરિતાનો પ્રવાહ સાત પુણ્યક્ષેત્ર તરફ પ્રવર્ત્તાવવો જોઇએ. એવી સૂક્ષ્મ બુદ્ધિથી વર્ણવેલો દાનનો મહિમા ભૂલી જઇ આજકાલ શ્રીમંત ગૃહસ્થો નજીવા માર્ગોમાં લાખો રૂપીઆ અગાડી દાન કર્યું એમ ઠગાય છે. ધર્માદાને નામે લાખો રૂપીઆ અન્ય માર્ગે વાપરી નાંખનારા શ્રીમંતોને એટલુંજ વિનવવાનું છે કે, તે શ્રીમંત શ્રાવકોએ પ્રતિવર્ષ પોતાની નીપજનો કોઇક ભાગ—એક શતાંશ પણ—સાત પુણ્યક્ષેત્રને માટે કાઢવો. એમાંજ દાનની સાર્થકતા છે. એ સાર્થકતાનો હેતુ લક્ષ્યમાં રાખીને આ શ્રાવકકરણીનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

આર્હત શાસ્ત્રકારોએ ઊચ્ચભાવના રાખવા માટે ઘણે સ્થળે વર્ણવેલું છે; તેની અંદર પણ પુણ્યક્ષેત્રની ભાવના ભાવવાનો ઉપદેશ આપેલો છે. આ કરણીનું રહસ્ય પણ તે ભાવનામાં રહેલું છે. કોઇપણ કાર્ય ભાવના વિના નિપજતું નથી. એ સિદ્ધ પ્રકૃતિ છે. ઉત્તમ શ્રાવક હંમેશાં પોતાની કરણીની ભાવના ભાવ્યા કરે તો પરિણામે તે ભાવના ક્રિયારૂપે સફલ થયા વિના રહેતી નથી. જો કે ભાવના સૂક્ષ્મ સૃષ્ટિનોજ વિષય છે, છતાં પણ તે સ્થુળ સૃષ્ટિનું કારણ બને છે. સાતપુણ્યક્ષેત્રની ભાવના પણ એજ માર્ગે સિદ્ધ કરી શકાય છે. બીજી સૂક્ષ્મ ભાવનાઓ જેવી રીતે આત્મહિત સાધે છે, તેવી રીતે આ પુણ્યક્ષેત્રની ભાવનાઓ પ્રથમ પરહિત સાધી પરિણામે આત્મહિતની સાધિકા બને છે; કારણ કે, પુણ્યક્ષેત્રની ભાવનામાં જનસમૂહના કલ્યાણના માર્ગો રહેલા છે, તેથી તેમાં સ્વાર્થ અને પરમાર્થ ઉભય સાધી શકાય છે.

મનુષ્ય ગ્રાહક શકિતને લઇને અનેક જાતના બળ મેળવી શકે છે. તેમાં આત્મબળ એ માનવ જાતિનું મોટું બળ છે. આર્યાવર્ત્ત એ બળને લઇનેજ સર્વ દેશો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં ચઢીઆતો ગણાયો છે. આત્મબળનો મહિમા મનુષ્ય કોટીમાં સર્વોત્તમ ગણાય છે. તે આત્મબળ ઉપજાવવા, કેળવવા, વધારવા અને પરમાર્થ પર્યંત લઈ જવામાં માનવ શક્તિની મહત્તાના મહાતત્વો રહેલા છે. શુભ ભાવના અને આત્મબળ—એ એ શક્તિઓમાંજ પરમ ઉત્કર્ષ રહેલો છે, પ્રત્યેક શ્રાવકે એ બે શક્તિઓનો ઉપભોગ પોતાના જીવનમાં કરવો જોઇએ. આ કરણીના રહસ્યમાં પણ એ શક્તિઓને ખીલાવવાનાજ ઉપાયો યોજેલા છે. તેમાં સાત પુણ્યક્ષેત્રને ખીલાવવામાં એ ઉભય શક્તિ મોટા સાધનરૂપે ગણાય છે. આત્મબળનો ઉપયોગ તો તેમાં પૂર્ણ રીતે થઈ શકે છે.

કરણી ધર્મના રહસ્યને સમજનારો શ્રાવક પછી હાનિકારક પ્રવૃત્તિમાં પડતો નથી, વય બુદ્ધિ અને પરાક્રમનો અસદ્વ્યય કરતો નથી અને કોઈપણ અકાર્ય કરવાની ઇચ્છા કદિ પ્રગટાવતો નથી. તેમાં પણ સાત પુણ્યક્ષેત્રની સ્પર્શતાની કરણીનું રહસ્ય સર્વમાં ઉત્કૃષ્ટ છે. તેની અંદર પુણ્યની પવિત્ર શ્રેણીનો સમાવેશ થઇ જાય છે. તેથી દરેક શ્રાવકે એ કરણીની સમારાધના કરવી જોઇએ. શ્રાવકે પોતાના જીવનમાં કયાક્ષેત્રની સ્પર્શના કરી છે ? અને કયાક્ષેત્રની સ્પર્શના કરી નથી, એ સતત વિચારવાનું છે. જો તેમાં કાંઇપણ ન્યૂનતા હોય તો તેને પૂર્ણ કરવાની પ્રવૃત્તિ કરવી જોઇએ. જ્યાંસુધી એ કરણી આરાધિત ન થાય, ત્યાંસુધી શ્રાવક પોતે પરિપૂર્ણ નથી; એમ તેને સમજવાનું છે. આર્હંત ધર્મમાં શ્રાવકને કર્ત્તવ્યરૂપે જે જે ઉપદેશ્યું છે,, તેનું રહસ્ય આ કરણીમાં આવી જાય તેને માટે એક વિદ્વાન્ નીચેના પદ્યથી કહે છે:

" पुण्यक्षेत्राराधेन श्रावकः पुण्यभाग्भवेत् ।
अन्यथा श्रावकाभास स्त्वनार्हतपदोचितः ॥ १ ॥ "

" શ્રાવક સાતપુણ્ય ક્ષેત્રના આરાધનથી પુણ્યવાન્ થાય છે અને જો શ્રાવક થઇને તે સાતપુણ્યક્ષેત્રોનું આરાધન કરતો નથી, તો તે શ્રાવક આર્હત–શ્રાવકપદને યોગ્ય નથી. " ૧

આ પદ્યનું સદા સ્મરણ કરી પ્રત્યેક શ્રાવકે આ છઠી કરણી આચરવા તન, મન અને ધનથી પ્રયત્ન કરવો જોઇએ. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઐતિહાસિક સ્વાધ્યાય.

( ગતાંક પૃષ્ટ ૨૪૬ થી શરૂ. )

### દૂહા.

સંવત સતર ત્રિહુત્તરે, ભાદ્રવદિ ગુરૂવાર;
દ્વિતિયા દિન સુરપદ લહે, શ્રી વિજયરત્ન ગુણધાર. ૧
આવે સંઘ ઉતાવળો, નિસુણી ગુરૂ નિરવાણ;
આંખે બહુ આંસુ ઝરે, ચિત્ત ધરે દુખ અસમામ. ૨
સામગ્રી સંઘ સીકરે, નિરવાણોછવે કાજ;
કેસર કસ્તુરી પ્રમુખ, લાવે સઘળો સાજ. ૩

**ઢાળ ૫ ભાવનાની–લાલ સુરંગારે પ્રાણિયા–એ દેશી.**

શ્રી વિજૈરત્ન સૂરીસર, પોહતા અમર વિમાનરે;
સંઘ તિહાં સવિ આવિયો, ધરતો દુખ અસમાનરે,
કરતો ગુરૂ ગુણ ધ્યાનરે, મનમેં ગચ્છપતિ ધ્યાનરે,
સેવામાં સાવધાનરે. ગુ૦ ૧
ગુરૂજી ચિત્ત માંહે સાંભરે, ખિણ ખિણ મેં સતવારરે;
જે હુઆ જગત આધારરે, જસ હરિસણ સુખકારરે,
લહિયે નવનિધિ સારરે. ગુ૦ ૨
તેરવડી તિહાં માંડવી, કીધી અતિહિ ઉદારરે,
સોવન સરખી ઝલહળે, ખરચી દ્રવ્ય અપારરે;
ઉપર ધ્વજ સુવિચારરે. લહકે વિવિધ પ્રકારરે,
મોટી અતિ મનોહારરે. ગુ૦ ૩
શુચિ જળે સ્નાન કરાવિને, પહિરાવે પટકુળ સારરે;
કેસર, સૂકડ, મૃગમદે, પૂજે શરીર ઉદારરે,
મુખ જપે જયજયકારરે, સોવનફૂળ અપારરે;
વધાવે નરનારરે. ગુ૦ ૪
માંડવી માંહે બૈસારિયા, ગચ્છપતિ રત્ન સૂરેસરે,
વાજિત્ર વાજેરે અતિ ઘણા, શંખ પ્રમુખ સુવિશેસરે;
ઉદયાપુરના અસેસરે, માણસ મિલિયાં વિશેસરે,
તિમ વલી બહુલ નરેસરે. ગુ૦ ૫
કૃષ્ણાગર પાંચશેર ત્યાં, સુકડી મણ ઉગણીસરે,
અબિરચુયા તિહાં અતિ ઘણા, અંબર તોલા વીસરે,
મૃગમદ તોલા ચોવીસરે, કપૂર તોલા બત્રીસરે;
કુંકુમસેર પાંત્રીસરે. ગુ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેતવનેં લેઇ જાઇને, કીધો અગ્નિ સંસ્કારરે,
પવન થકી ચય પરજળેં, સિંચે ઘૃત તે અપારરે;
રૂદન કરે નરનારિરે, સંભારે ગણ ધારરે.
દુઃખ ધરે ચિત્ત મઝારરે. ગુ૦ ૭
જેહને પ્રહસમેં વંદતા, ધરતા હર્ષ અપારરે;
અમૃત સરિખીરે દેશના, સાંભળતા સુખકારરે,
નિત્ય પ્રતે મનોહારરે તે ગછપતિ ગણધારરે,
પામ્યા સુરપદ સારરે. ગુ૦ ૮
સ્નાન કરી દેહરે જઇ, વાંદ્યા દેવ દયાળરે,
પરિ નિર્વાણનેં સ્થાન,કેં થુભ કરાવે વિશાળરે;
સંઘ થઇ ઉજમાળરે, આવે બાળ ગોપાળરે,
ખરચેં ધન સુવિશાળરે. ગુ૦ ૯

### દોહા.

નિર્વાણોછવ ઇણીપરેં, કીધો સંઘે સાર;
ધન ખરચ્યો તિહાં અતિ ઘણા, વરત્યાં જયજયકારરે. ૧
પટધર ગછપતિ પરગડા, શ્રી વિજૈ ક્ષેમ સૂરીસ;
દિન દિન જસ ચડતી કળા, પૂરે સંઘ જગીસ. ૨
સંપ્રતિ ગૌતમ સારીખા, વિદ્યાઇ વયર કુમાર;
શ્રી વિજૈ ક્ષેમ સૂરીસરૂ, વિજય રત્ન પટધાર. ૩

### ઢાલ ૭ રાગ ધન્યાશ્રી.

ગાયો ગાયો મેં પરમ પટોધર ગાયો,
શ્રી વિજૈરત્ન સૂરીસ સાહિબ, પુરવ પુન્ય પાયારે. મેં ૧
શ્રી તપગછપતિ તેજે જિમ મણી, જગજસ પડહ વજાયા;
એ ગુરૂના ગુણગ્રામ કરંતાં, પુન્ય સંસાર ભરાયારે. મેં ૨
શ્રી વિજૈ રત્નસૂરી સૂપટોધર, શ્રી વિજૈ ક્ષેમ સૂરીરાયા;
સંપ્રતિકાલે સુરતરૂ સરિખા, દિન દિન તેજ સવાયા. મેં ૩
શ્રી વિજૈસિંહ સૂરીસર સેવક, ગજવિજય બુધરાયા,
તાસ સીસ શ્રી હિતવિજય બુધ, તાર્કિક બિરૂદ ધરાયા; મેં ૪
તસ સેવક જિનવિજયેં ઇણિપરેં, ગછપતિના ગુણ ગાયા;
ગુરૂ સેવા કરતા નિત લહિયે, નવનિધિ, રૂદ્ધિ સવાયારે. મેં ૫

ઇતિ શ્રી વિજયરત્ન સૂરીશ્વર નિર્વાણરૂપ, સ્વાધ્યાય, લિખિતોકૃતોયં પં૦ જિનવિજય ગણિના સંવત્ ૧૭૮૩ વર્ષે વૈશાખ વદિ ૧૩ દિને શ્રી દીવનગર મધ્યે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીમાન્ હેમચંદ્રાચાર્યનું જીવન વૃત્તાંત.

( ગતાંક પૃષ્ટ ૨૫૯ થી શરૂ. )

**સિદ્ધરાજનું અવસાન**—ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યના સહવાસથી સિદ્ધરાજના મનમાં જૈનધર્મના વિષયમાં ઘણોજ આદર ઉત્પન્ન થયો. અત્યારસુધી સ્પષ્ટપણે તેમને પોતાના કુલધર્મનો ત્યાગ કર્યો ન હતો, તથાપિ જૈનધર્મ ઉપર તેમનો ભક્તિભાવ વિશેષ રહેતો હતો તેમજ હેમચંદ્રાચાર્ય મહારાજને માનપૂર્વક દષ્ટિથી જોતા હતા. સિદ્ધહૈમશબ્દાનુશાસન નામનું મહાન વ્યાકરણ આચાર્ય મહારાજે તેમના કહેવાથી બનાવ્યું હતું. આ રાજા ન્યાયી અને વિદ્યા વિલાસી હતો. ૪૯ વર્ષ સુધી રાજ્યભાર વહન કરી સંવત ૧૧૯૯ માં તેમણે દેહ છોડ્યો હતો.

**શ્રી હેમચંદ્રાચાર્યજીનો વિહાર**—જ્યાંસુધી સિદ્ધરાજ જીવતા હતા ત્યાંસુધી ઘણું કરીને તેમનો નિવાસ પાટણમાં હતો, છતાં શાસ્ત્રમાં મુની જનોને ચિરકાળપર્યંત એક સ્થાને રહેવાનો નિષેધ કર્યો છે; પરંતુ ભગવાન ઉત્સર્ગ અપવાદ અને દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના પૂર્ણ જાણકાર હતા. જેથી તેઓએ અનેક પ્રકારે જૈન ધર્મની પ્રભાવના થવાનો મહાન લાભ સમજી રાજાની વિનંતિથી અધિક સમય સુધી પાટણમાં રહેવાનું સ્વીકાર્યું હતું.

ગુરૂ મહારાજ અને શ્રી સંઘની પણ તેવી ઇચ્છા હતી. જ્યારે સિદ્ધરાજનો દેહપાત થયો ત્યારબાદ થોડા સમય પણ પાટણ છોડી દઈ અન્ય પ્રદેશમાં વિચરવા લાગ્યા. આ વિહાર કાળમાં આચાર્ય મહારાજે જૈન ધર્મની ઘણીજ પ્રભાવના કરી અને હજારો મનુષ્યોને જૈન ધર્મનો અંગીકાર કરાવ્યો. પોતાના અપૂર્વ ઉપદેશદ્વારા પ્રજાને નૈતિક અને ધાર્મિક જીવનનો સન્માર્ગ દેખાડયો. અવકાશના વખતમાં અનેક ગ્રંથોની રચના કરી જૈન સાહિત્યની શોભામાં વૃદ્ધિ કરી અને ભારતની ભાવી પ્રજા ઉપર અત્યંત ઉપકાર કર્યો.

**પુનઃ પાટણમાં પ્રવેશ**—સિદ્ધરાજની પછી ગુર્જર ભૂમિના અધિપતિ મહારાજ કુમાળપાળદેવ થયા. કેટલાક વર્ષ સુધી તો તે રાજા પોતાના રાજ્યની સુવ્યવસ્થા કરવામાં તેમજ શત્રુઓનું માન મર્દન કરવામાં પ્રયત્નવાન રહ્યા. દિગ્વિજય કરી અનેક રાજાઓને પોતાની આજ્ઞામાં વશવર્તી કર્યા. રાજ્યની સીમા પણ ઘણી વધારી અને જ્યારે રાજ્ય નિષ્કંટક થયું અને કોઇપણ પ્રકારનો ઉપદ્રવ ન રહ્યો ત્યારે રાજા શાંતિથી પ્રજાનું પાલન કરવા લાગ્યો. એ સર્વ વૃત્તાંત જ્યારે ભગવાન હેમચંદ્રાચાર્યે જાણ્યો, ત્યારે તેમનું ચિત્ત ઘણું પ્રસન્ન થયું અને શાસન ઉદ્ધારની કરેલી પ્રતિજ્ઞા પૂર્ણ થવાનો અવસર નજદીક આવ્યો સમજી ફરી પાટણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નગરને પવિત્ર કર્યું. તે વખતે શ્રી સંઘે આચાર્ય મહારાજનો પ્રવેશ મહોત્સવ મ્હોટા સમારોહથી કર્યો.

**પ્રતિજ્ઞા પૂર્ણ-સફળ મનોરથ**—કુમારપાળ મહારાજને રાજ્ય પ્રાપ્ત થયાં પહેલાં અનેક સંકટોમાંથી બચાવવામાં આવ્યા હતા. તે કારણથી આચાર્ય મહારાજના ઉપકાર ભાર નીચે દબાયેલા હતાં. તે સમયે તેમને પ્રાણાંત કષ્ટના ભયથી રક્ષિત કરવાથી ઉપકારની સીમા તો અત્યંત વધી ગઈ હતી. જેથી આચાર્ય મહારાજ ઉપર રાજાનો ભક્તિભાવ અત્યંત વધી ગયો હતો. ઉદયન મંત્રી મારફત સૂરિજી મહારાજને પોતાની પાસે બોલાવ્યા અને ચરણોમાં મસ્તક મૂકી કહ્યું કે–ભગવન્ ! આપે જે જે ઉપકાર આ ક્ષુદ્ર પ્રાણી ઉપર કર્યો છે, તેનો બદલો તો હું અનેક જન્મ સુધી આપી શકીશ નહીં; પરંતુ આ સમયે જે કાંઈ આપની કૃપાથી મળ્યું છે તેનો સ્વિકાર કરી ઉપકારના અપાર ભારને થોડો હલકો કરી આ સેવકને ઉપકૃત કરો. આ રાજ્ય–રાજાના આપ સ્વામી છો. આ જન, આ મન, અને આ ધન સર્વ આપની સેવામાં સમર્પણ કરૂં છું. રાજાના આવાં નમ્ર વાક્યો સાંભળી સૂરિશ્વર અત્યંત આનંદ પામ્યા. મનોરથ સફળ કરવાનો સમય સામો આવેલો દેખી સૂરિશ્વર અપાર આનંદ પામ્યા. સંસારમાત્રમાં પ્રાણીઓને અભયદાન દેવાની અને પરમાત્મા મહાવીરના પવિત્ર શાસનની વિજયવંતી પતાકા સારા ભુમંડળમાં આ મહારાજા કુમાળપાળદેવદ્વારા ઉડશે એવું જાણી રાજાને કહ્યું ! રાજન્ ! ભિક્ષામાગી લુખાસુકા અન્ન દ્વારા ઉદર પુરતી કરનારા, જંગલ અને સુન્ય ઘરમાં ભુમીમાત્ર પર પડી રહેવાવાળા અને માત્ર પરમાત્માના ધ્યાન ધરનારા અત્રે યોગીઓને તમારૂં રાજ્ય તો શું પરંતુ દેવાધિપતિ મહેન્દ્રનું મહારાજ્ય પણ તુચ્છ છે. અમારા બ્રહ્માનંદના અનંત સુખ આગળ સમગ્ર સંસારનો વૈભવ અણુમાત્ર છે. તો પછી પરિણામમાં વીરસ એવા તુચ્છ રાજ્યને અમે શું કરીએ ! અમે જે તમારા ઉપર ઉપગાર કર્યો છે તે સ્વાર્થ સાધન માટે નથી, પરંતુ ભાવિકાળમાં તમારા દ્વારા જગતનો મહાન્ ઉપકાર થશે એમ સમજીને અમારૂં મુખ્ય કર્તવ્ય જે સંસારની સેવા કરવાનું છે તેનું પાલન કરવાને માટે અમે તમોને સહાય કરી છે.

પૂર્વસુકૃતના યોગથી તમને ઉત્તમ સંયોગ મળ્યો છે. તેથી તેના દ્વારા સંસારને સુખ પહોંચાડી, તમારૂં પ્રજાપતિ પદનું સાર્થક કરો. જો અમારા ઉપગારનો બદલો દેવાની તમારી દઢ ઇચ્છા છે તો અમારી ઇચ્છા પૂર્ણ કરો. અમે જગતમાં અહિંસા અને જૈનધર્મનો પૂર્ણ રૂપથી ઉત્કર્ષ દેખવા માગીએ છીએ તેથી અમારી ત્રણ આજ્ઞાનું પાલન કરો જેથી તમારૂં અને તમારી પ્રજાનું કલ્યાણ થાય.

પ્રથમ પ્રાણીમાત્રનો વધ બંધ કરી સર્વ જીવને અભય દાન આપો.

બીજું પ્રજાની અધોગતીના મુખ્ય કારણ જે દુર્વ્યસન દ્યુત–માંસ–મદ્ય, શિકાર છે તેનો નાશ કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજું પરમાત્મા મહાવીરની પવિત્ર આજ્ઞાનું પાલન કરી તેના સત્યધર્મનો પ્રચાર કરો.

મહારાજા કુમારપાળ કૃતજ્ઞ, ભવ્ય, દયાળુ અને અલ્પ સંસારી હતા અને અલ્પ સમયમાં મુક્તિ જવાવાળો હોવાથી તેમના વિશુદ્ધ હૃદયમાં હેમચંદ્રાચાર્ય મહારાજના આ વચનામૃતથી બોધિબીજ અંકુરિત થયો. મહારાજે સૂરિશ્વરજીના ચર્ણમાં ફરી મસ્તક નમાવી કહ્યું કે-ભગવાન ! આપની સર્વ આજ્ઞાઓ મને શિરસાવંદ્ય છે. જીવતાં સુધી આ પવિત્ર આજ્ઞાઓનું ઉત્કૃષ્ટ રીતે પાલન કરવામાં પૂર્ણ પ્રયત્ન કરીશ. સૂરિશ્વરજી મહારાજને આ વચનોથી આનંદ થયો.

**જૈન ધર્મનું સામ્રાજ્ય**—મહારાજા કુમારપાળે તેજ ક્ષણથી ગુરૂમહારાજની આજ્ઞાઓનો અમલ-શરૂઆત કરી ધીમે ધીમે પોતાના આખા રાજ્યમાં અહિંસાને દેશનિકાલ કરી એટલે સુધી કે મનુષ્ય મર અને માર આ શબ્દો પણ ભુલી ગયા. પશુથી લઇને કીડી વીગેરે અતિ ક્ષુદ્ર પ્રાણી પર્યંત કોઇપણ જીવને કોઇપણ મનુષ્ય કષ્ટ પહોંચાડી શકતો નહોતો. મનુષ્ય જાતિના અવનતિના કારણભૂત દુર્વ્યસનોનો દેશમાંથી બહિષ્કાર કર્યો. અનીતિનું નામ માત્ર પણ પ્રજા ભુલી ગઇ. રાજા નિરંતર સૂરિશ્વરનો ધર્મોપદેશ સાંભળવા લાગ્યો. દિન પ્રતિદિન જૈન ધર્મમાં શ્રદ્ધા વધવા લાગી. જગત જંજાળ મિથ્યા દેખાવા લાગ્યો સંસારનો વીરસતાનો અનુભવ થવા થવા લાગ્યો. થોડા સમયમાં પોતે જૈનશાસ્ત્રોક્ત ઉત્કૃષ્ટ ગૃહસ્થ જીવન ગાળવાને માટે બારવ્રત સ્વરૂપ શ્રાવકનો ધર્મ અંગીકાર કર્યો.

અનેક પ્રકારની જૈનધર્મની પ્રભાવના કરવા લાગ્યો. સર્વ સ્થળે જૈનધર્મની જયજય ધ્વની થવા લાગી; આ સર્વ જોઈ હેમચંદ્રાચાર્ય પોતાના જીવનને સફળ માનવા લાગ્યા. પોતાની પ્રતિજ્ઞાપૂર્ણ થયેલી દેખી પોતાના આત્માને કૃતકૃત્ય માનવા લાગ્યા. મહારાજ કુમારપાળના નિત્ય પાઠ માટે પોતે વિતરાગ સ્તોત્ર લખ્યું છે, તેમાં આચાર્ય મહારાજે કહ્યું છે કે હે વિતરાગ ! જે કળીયુગમાં અલ્પ સમયમાં તમારો ભક્ત શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત કરી લે છે તે કળીકાળ પણ અમારા માટે તો સદા રહો. અમને તે સતયુગની શી મતલબ છે કે જેમાં તારા ધર્મ વિના વ્યર્થ સંસારમાં મારે મારે-ફરતા હતા. આગળ ચાલતાં કળીકાળમાં વિતરાગના શાસનની એક છત્રતાનું વર્ણન કરતાં કહે છે કે-હે દેવ ! જો શુદ્ધ શ્રદ્ધાથી નિર્મળ છે અંતઃકરણ જેનું એવા શ્રાદ્ધ તો શ્રોતા છે તેમજ સકળ શાસ્ત્રપારાંગત તત્વ-પારંગત તત્ત્વપરિણિત એવા વકતા હો તો કળીકાળમાં પણ તમારા શાશનનો એકછત્ર સામ્રાજ્ય થઇ શકે છે. આ હકીકતમાં આચાર્ય મહારાજે પોતાના જીવનનો અનુભવ પ્રગટ કરેલો છે. તેઓ કહે છે કે જ્યાં યુગાન્તરવર્તિ સકળ શાસ્ત્રના પારગામી (મહારા સમાન.) જૈનધર્મના વકતા ઉપદેશક છે, અને ચૌલુકય ચક્ર ચુડામણી મહારાજશ્રી કુમારપાળ દેવ જેવા શ્રોતા શ્રાવક છે, તેવા કળીકાળમાં પણ જૈનશાશનનું એકછત્ર સામ્રાજ્ય હો તેમાં શું આશ્ચર્ય !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સૂરીશ્વરજીની જ્ઞાનશકિત અને ગ્રંથ નિર્માણ—

ભગવાન હેમચંદ્રાચાર્યના જીવનને જગતમાં શાશ્વત પ્રકાશિત રાખવાવાળા અને વિધર્મીઓને આશ્ચર્ય ઉત્પન્ન કરાવવાવાળા તેઓનાં અગાધ જ્ઞાનગુણ હતા. તેમની જેવા સકળ શાસ્ત્રમાં પારંગત અત્યંત શોધવા જતાં પણ કોઈ મળી શકશે નહિ. આ પરિમિત જ્ઞાન શકિતથી મોહિત થઈને તત્કાલીન સર્વ ધર્મના વિદ્વાનોએ કળીકાળ સર્વજ્ઞની મોટી પદ્વી આચાર્યને સમર્પણ કરી, તેની સત્યતા તેઓના અપાર ગ્રંથરત્ન રાષિ આજ સુધી જગતમાં મોજુદ છે અને તે દેખીને પાશ્ચિમાત્ય વિદ્વાન પણ વિસ્મિત થયા છે. કહેવામાં આવે છે કે—આચાર્ય મહારાજે પોતાના જીવનકાળમાં સાડાત્રણ કરોડ શ્લોક પ્રમાણ ગ્રંથ લખ્યા છે; પરંતુ ભારત વાસીઓના દુર્ભાગ્યથી ઘણા ગ્રંથો કાળની વિષમતાથી નષ્ટ થઇ ગયા છે; છતાં પણ જેટલા ગ્રંથ વર્તમાન કાળમાં વિદ્યમાન છે તે થોડી સંખ્યામાં નથી ! વિદ્યમાન્ ગ્રંથશ્રેણી પણ વિદ્વાનોને આશ્ચર્ય ચકિત કરે છે. કોઇપણ વિષય એવો નથી કે— જેનાં ઉપર પોતાની ચમત્કારીક લેખીની ચલાવી ન હોય. વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોષ, અલંકાર, છંદ, નીતિ, સ્તુતિ વિગેરે સર્વ વિષય ઉપર એક અથવા અનેક ગ્રંથો લખ્યા છે. કેટલાક ગ્રંથો તો એવા અપૂર્વ છે કે જેની સમાનતા કરવાળા જગતમાં બીજા ગ્રંથો નથી. આચાર્ય મહારાજના બનાવેલા ગ્રંથોનો સમુહ એટલો મોટો છે કે તેનો વિસ્તાર કરીએ તો એક નવો ગ્રંથ બની જાય.

### શિષ્ય શ્રેણી અને શરીરાન્ત—

સૂરિ ભગવાનનો શિષ્ય સમુદાય બહુજ પ્રભાવશાળી હતો, સાધુ સમુદાયમાં પ્રબંધ સતક કર્ત્તા શ્રી રામચંદ્ર, મહાકવિ શ્રી બાલચંદ્ર, વિદ્યાસંપન્ન શ્રી ગુણચંદ્ર, વિદ્યાવિલાસી શ્રી ઉદયચંદ્ર એટલા મુખ્ય હતા.

શ્રાવક સમુદાયમાં મહારાજા કુમારપાળદેવ, મહામાત્ય શ્રીયુત ઉદયન્, રાજ્યપિતામહ શ્રી આમ્રભટ્ટ, દંડ નાયક શ્રી વાઘભટ્ટ, રાજઘરટ્ટ, શ્રી ચાહડ, શ્રી સોલાક ઇત્યાદિ અનેક રાજવર્ગીય તથા લક્ષાવધી પ્રજાવર્ગીય શ્રીમંત હતા, પોતાના આયુષ્યની સમાપ્તિનો સમય નજીક આવેલો જાણી ભગવાને સકળ શિષ્યગણને પોતાની પાસે બોલાવ્યો, આત્મિક ઉન્નતિના વિષયમાં વિવિધ પ્રકારના હિતકર વચનોદ્વારા અમૃત તુલ્ય ઉપદેશ આપ્યો, જે સાંભળી મહારાજા કુમારપાળનું હૃદય ભરાઇ આવ્યું, સૂરિ મહારાજે તેમનું શાન્તવન કરી અનેક મિષ્ટ વચન કહ્યાં, અંત સમયમાં આચાર્ય મહાજે નિરંજન નિરાકાર સહજાનંદી પરમાત્માનું પવિત્ર ધ્યાન કરી બહિર વાસનાનો ત્યાગ કર્યો, વિશુદ્ધ આત્મ પરિણતિમાં રમણ કરતા નિર્મળ સમાધિ સહિત દસમા દ્વારે પ્રાણત્યાગ કર્યો, સંવત ૧૨૨૯ માં અખિલ સંસારને શોક સમુદ્રમાં ડુબાડી આ ભૂમંડળપર કળિકાળ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય રૂપ લોકોત્તર ચંદ્ર અસ્ત થઇ ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*ઉપસંહાર—સૂરિ ભગવાનના આ ચરિત્ર સારાંશમાં વાચકને એ જાણવામાં આવ્યું હશે કે, તેઓ કેવા પ્રભાવશાળી પુરૂષ હતા, સમુચ્ચય રીતે તેઓ શ્રી એક અદ્વૈત મહાત્મા હતા, એમના ગુણોનું વર્ણન કરતાં પ્રોફેસર પીટરસન લખે છે કે "હેમચંદ્ર એક મોટા આચાર્ય હતા, દુનિયાના કોઇપણ પદાર્થ ઉપર તેમનો તલ માત્ર પણ મોહ નહિ હતો, તે મહા પુરૂષે પોતાની આખી જીંદગી સંસારનું ભલું કરવામાં વીતાડી હતી, તેમણે કરેલાં સુકૃત્યોના બદલામાં દેશની તમામ પ્રજાએ તેમનો મોટો ઉપગાર માનવો જોઇએ.

અમે તે સાથે એ કહેવા માગીએ છીએ કે તેઓ એક મહાન મહાત્મા હતા, પૂર્ણયોગી હતા, ઉત્કૃષ્ટ જીતેન્દ્રીય હતા, અત્યંત દયાળુ હતા, મહાપરોપકારી હતા, પુર્ણ નિસ્પૃહી હતા, નિષ્પક્ષપાતી હતા, સત્યના ઉપાસક હતા અને કળીકાળમાં સર્વજ્ઞ હતા. તેમના જીવનથી સંસારમાં બહુ ઉપગાર થયો, જૈનધર્મનો ઉદ્ધાર થયો અને સત્યનો પ્રચાર થયો. ધન્ય છે હે મહાત્મન્! તમારા પવિત્ર જીવનને વંદન છે. તમારા સમ્યક-જ્ઞાન-દર્શન અને ચારિત્રને

આ મહાન્ પુરૂષનું ચરિત્ર સંક્ષિપ્તમાં પૂર્ણ થાય છે. તેમના પરમભક્ત શ્રી કુમારપાળ મહારાજનું ચરિત્રપણ સંક્ષિપ્તમાં આપવું એ અસ્થાને નથી. તેથી હવે પછી તે આપવાની ઇચ્છા છે.

# સંભાષણ-કુશળતા.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

(૧૦)

" क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥ "

म.-भर्तृहरि.

સંસારમાં મનુષ્યને આનંદ આપનારી જેટલી સામગ્રી છે તેમાં પરસ્પર વાર્તાલાપ, સંભાષણ અથવા વાતચીત પણ એક છે. તે માત્ર આનંદદાયકજ નથી, બલ્કે તેનાથી આપણને આપણી બુદ્ધિને અધિકાધિક વિકસિત કરવાનો તથા આપણી સંકીર્ણ હૃદયતા દૂર કરવાનો પ્રસંગ મળે છે. આ માનવ જીવન-સંગ્રામમાં વિજય પ્રાપ્તિ કરવા માટે અન્ય ગુણોની સાથે સંભાષણ-કુશળતાની પણ આવશ્યક્તા છે. સંભાષણ કરતી વેળાએ મનુષ્યનો મૂળ હૃદ્દગત ભાવ શબ્દોદ્વારા અને તેની હિલચાલો તેના ચ્હેરા મારફત અવશ્ય પ્રકાશિત થાય છે. જે વડે અન્ય મનુષ્ય સરલતાપૂર્વક સમજી શકે છે કે-તે મનુષ્ય કેવા આચાર-વિચારનો છે. સંભાષણ અથવા પરસ્પર વાતચીત રૂપી ચાવી હૃદયના ખજાનાને સમાજની સામે પરીક્ષા માટે ઉઘાડી મૂકે-

* શ્રી કુમારપાળ ચરિત્ર હિંદિ ગ્રંથ આ સભા તરફથી પ્રસિદ્ધ થયેલ છે તેનો આ અનુવાદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એટલા માટે આપણા પૂર્વજોએ નીતિનો ઉપદેશ આપતી વેળાએ મૂર્ખ લોકોને એજ બોધ આપ્યો છે કે " તમે બુદ્ધિમાન પુરૂષોની સમક્ષ મૌન રહો, કંઇપણ બોલો નહિ, નહિ તો તમારી મૂર્ખતા પ્રકટ થઇ જશે. **विभूषणं मौनमपण्डितानाम्** ॥ તાત્પર્ય એ છે કે જે મનુષ્ય સમુચિત રીતે સંભાષણ કુશળ હોય છે, તે પોતાનું તેમજ બીજાનું હિત વાતવાતમાં કરી શકે છે અને હસતાં રમતાં બીજા લોકોને સ્થાયી ઉપદેશ આપી શકે છે.

પરંતુ જ્યારે આપણે વિચારીએ છીએ કે આપણે આપણી સંભાષણ-શક્તિને પુષ્ટ અને સુયોગ્ય બનાવવાનો કેટલો પ્રયત્ન કર્યો છે, ત્યારે આપણને આપણી મૂર્ખતા અને કર્તવ્ય પરાઙ્મુખતા ઉપર હસવું આવે છે. ઉલ્લાસપૂર્વક વાતચીત કરવી તો દૂર રહી, પણ આપણે કોઇ કોઇ વખત કાંઇકને બદલે કાંઇક બોલી નાંખીએ છીએ અને સાંભળનાર માણસનાં મન ઉપર એવું સાંભળી વિપરીત અસર થાય છે. જે મનુષ્યને સારીરીતે સમજાઇ ગયું હોય છે કે અમુક પ્રસંગે અમુક મનુષ્યની સાથે કેવા પ્રકારની વાતચીત કરવી જોઇએ, તેની પાસે એક મહાન અસ્ત્ર છે. તે એ અસ્ત્રની સહાયતાથી સ્વાર્થ તેમજ પરાર્થ સાધીને માત્ર અલ્પ પરિશ્રમથીજ સમાજપ્રિય બની શકે છે.

ઉપર કહેવામાં આવ્યું છે તેમ પરસ્પર સંભાષણ-શિક્ષા પ્રાપ્ત કરવાનું તેમજ શિક્ષા પ્રદાન કરવાનું એક અત્યંત સુગમ સાધન છે. એટલા માટે આપણે અવશ્ય જાણી લેવું જોઇએ કે વાતચીત કરતી વેળાએ આપણે કયા કયા દુર્ગુણોથી બચવાને યત્ન કરવા જોઇએ.

પહેલો દુર્ગુણ જે વાતચીત કરતી વેળાએ ઘણા મનુષ્યોમાં જોવામાં આવે છે તે " હાજી હા " નો છે. એવા મનુષ્યોને ગમે તે કહેવામાં આવે તો પણ તેઓ " નહિ " શબ્દ જાણતા નથી. તેઓની જીભ એક ખેતર સમાન છે જેની અંદર 'હાજી હા' નામનું ઘાસ એની મેળે ઉગી નીકળ્યું હોય છે અને જેમાંથી તેઓ વાતચીત દરમ્યાન કાપીકાપીને દૂર ફેંકયા કરે છે. તેઓની પાસે તમે અસંભવમાં અસંભવ વાતો કર્યે જાઓ, પરંતુ તેઓ તો તેઓનું મસ્તક હલાવ્યેજ જશે.

પહેલા દુર્ગુણની જેવોજ વિનાશકારી એક બીજો દુર્ગુણ છે જે પહેલા દુર્ગુણથી ઠીક વિરૂદ્ધ છે, કોઇ કોઇ મનુષ્યોનો સ્વભાવ દરેક વાતનો પ્રતીરોધ કરવાનો હોય છે, પરંતુ ધ્યાનમાં રાખવું જોઇએ કે આપણે દરેક વિષયનું જેવું તર્ક સંમત વર્ણન પુસ્તકોમાં વાંચીએ છીએ, તેવું કોઇ પણ મનુષ્યની સાથે વાતચીત કરવાથી જાણી શકાતું નથી. સંભાષણમાં મનુષ્યને પોતાના વિચાર શિઘ્રતાથી પ્રકટ કરવા પડે છે; તેથી કરીને તે કોઇ અગત્યનો મુદ્દો ભૂલી જાય તે બનવા જોગ છે. એટલા માટે બીજા લોકોની ભાષણ-ત્રુટિઓ તીવ્ર દ્દષ્ટિથી જોવી જોઇએ નહિ, કેમકે સર્વાંગપૂર્ણ ભાષણ કરવાનું પ્રત્યેક મનુષ્યને માટે સંભવિત હોતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારના અધિકાંશ મનુષ્યો ઘણે ભાગે જે વિચારો ધરાવતા હોય છે તેની વિરૂદ્ધ પોતાના વિચારો ચલાવવાને સતત પ્રયત્ન કરવો તે ત્રીજો દુર્ગુણ છે. આ પ્રકારના મનુષ્યો બહુધા જીદ્દી યાને હઠીલા હોય છે. જે વિષય તેઓ કદિપણ સમજી શકતા નથી તેમાં પણ તેઓ સંપૂર્ણ અધિકાર જમાવવાની ઇચ્છા રાખે છે, કોઇ વિષયમાં અધિકાંશ વિચારશીલ મનુષ્યોનું ગમે તે મંતવ્ય હોય તોપણ તેઓની ખીચડી તો જુદીજ પાકતી હોય છે. તેઓ અધિકાંશમાં નહિ બલ્કે ન્યુનાંશમાં રહેવાનું પસંદ કરે છે. અન્ય વિચારશીલ પુરૂષો જેને અવગુણ ગણુતા હોય છે તેને તેઓ સદ્ગુણ ગણે છે અને સંસાર જેને સદ્ગુણ માને છે તેને તેઓ દુર્ગુણ માન્યા કરે છે. પરંતુ ખરી હકીકત એ છે કે તે મનુષ્યો સિદ્ધાંત–રહિત બની જાય છે. તેઓ કોઇ બાબતની સારા-સારતાનો વિચાર કરવાની તકલીફ લેતા નથી. તેઓ પોતાની વિચિત્ર નિર્ણય–શક્તિને અદ્વિતીય ધાર્યા કરે છે. તેઓ સર્વ કાર્ય પોતાના અંધઆચરણ એકલા રહેવાના ઘમંડના આવેશમાંજ કર્યા કરે છે.

એક પ્રકારના એવા પણ મનુષ્યો હોય છે કે જેઓ બીજાને કાંઇ બોલવાજ દેતા નથી. તેઓ એમજ ઇચ્છતા હોય છે કે સઘળા મનુષ્યો પોતાની વાતો સાંભળ્યા કરે અને પોતે જે કાંઇ કહે તે ચુપાચુપ સાંભળીને ચાલ્યા જાય. પરંતુ તેમ કરવાથી સાંભળનારના સાહસની સમાપ્તિ થઇ જાય છે. જેથી કરીને વાતચીત કરવાનો સઘળો આનંદ ચાલ્યો જાય છે. કોઇ કોઇ મનુષ્યોમાં એક મહાન દુર્ગુણ એ હોય છે કે તેઓ હમેશાં અનુપસ્થિત મનુષ્યોની નિંદા કર્યા કરે છે અને જેમ તેમ આડું--અવળું બોલી નાંખીને અથવા કોઇનો પક્ષ લઇને પોતાના સોબતીઓનું મનરંજન કરવા તથા તેઓને પોતાની તરફ આકર્ષિત કરવા ચાહે છે. કોઇ મનુષ્યનાં આચરણની ટીકા કરવી, તેના સંબંધમાં કોઇ સારી–નઠારી વાતો કરવી અને સમાજની દષ્ટિમાં તેને હલકો પાડવાનો પ્રયત્ન કરવો એ તેઓનાં સંભાષણનો સામાન્ય વિષય થઇ પડયો હોય છે. પરંતુ તે મનુષ્યોનો ઉદ્દેશ કદિપણ સિદ્ધ થતો નથી. સમાજના સર્વ મનુષ્યોનાં દિલ તેની વિરૂદ્ધ હઠી જાય છે. એટલા માટે વાતચીત કરતી વેળાએ આપણાં મ્હોંમાંથી એવો શબ્દ કદિપણ કાઢવો ન જોઇએ કે જેથી આપણને પાછળથી પશ્ચાતાપ કરવો પડે. તેમજ એવી તુચ્છ વાતો કદિપણ ન કરવી જોઇએ કે જેથી બીજાના અમૂલ્ય સમયનો દુરૂપયોગ થાય અથવા આપણી ક્ષુદ્રતા પ્રકટ થાય.

ઘણા મનુષ્યો વાતચીત કરતી વેળાએ પોતાની વિદ્વતા પ્રદર્શિત કરવા ઇચ્છે છે અને વાતવાતમાં આત્મ–પ્રશંસા સૂચક વાતો કર્યા કરે છે. એ પણ ઉચિત નથી. વાતચીત કરતી વેળાએ આપણે માત્ર ચાર વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે. (૧) સત્યતા (૨) સમય અને સમાજની આવશ્યક્તા (૩) ભાષાની સરલતા અને સુંદરતા (૪) શિષ્ટ આનંદ–વર્ધક ભાષણ શૈલીનો પ્રયોગ. જે મનુષ્ય હમેશાં ઉપરોક્ત ચાર વાત ધ્યાનમાં રાખીને વાતચીત કરે છે તેની વાતોથી બીજા લોકો ઉપર સારો પ્રભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે છે. જૂઠું બોલવાથી આપણે બીજાને નુકશાન તો કરી શકીએ છીએ, પરંતુ તેનાથી આપણે આપણું પોતાનું ભારે નુકશાન એ કરી બેસીએ છીએ કે આપણે જે મનુષ્યની પાસે જઈએ છીએ તેજ આપણને ઘૃણાયુકત દૃષ્ટિથી નિહાળે છે. પરિણામ એ આવે છે કે કોઇપણ મનુષ્ય આપણાં દુઃખનો સાથી નથી થતો, એટલુંજ નહિ પણ આપણાં દુઃખથી બીજાને સુખ થાય છે. એટલા માટે સ્વાર્થ દૃષ્ટિથી તો આપણે અવશ્યમેવ સત્ય બોલવાની ટેવ પાડવી જોઈએ.

સમય અને સમાજની આવશ્યકતાઓની પ્રતિકૂળ કદિ પણ કાંઇ ન બોલવું જોઇએ. પ્રચલિત વિષય ઉપર કંઇક બોલવું અથવા તેનું મનોયોગપૂર્વક શ્રવણ કરવું તેજ શ્રેયસ્કર છે. જ્યારે કોઇ અમુક વિષય ઉપર વાતચીત ચાલતી હોય ત્યારે તે સમાપ્ત થયા વગર કોઇ નવો વિષય જબરદસ્તીથી શરૂ ન કરવો જોઈએ. તેવીજ રીતે ભાષા સરલ રાખવાને બદલે ઉત્તરોત્તર અલંકાર પૂર્ણ બનાવવાની ચેષ્ટા કરવામાં આવે છે, તો તે ભાવોની રસિકતા ચાલી જાય છે અને વાકયોમાં કેવળ ચળકાટ સિવાય બીજું કાંઈ જોવામાં આવતું નથી. આનંદવર્ધક ભાષણ શૈલીનો પ્રયોગ કરવાની પણ અત્યંત આવશ્યકતા છે. એવા પ્રકારની વાતો કદિ પણ ન કરવી જોઇએ કે જેથી આપણી તુચ્છતા ગણાય અને જેથી બીજાના દીલમાં દુઃખ ઉત્પન્ન થાય. ઘણે ભાગે જોવામાં આવે છે કે કેટલાક મનુષ્યો હમેશાં રોગો, દુઃખો અને સંસારની અસારતા નીજ વાતો કર્યા કરે છે અથવા પોતાના વૃથા વાગાડમ્બરના મદમાં બીજાની નિંદા કરી બેસે છે. પરંતુ સાચુ કહીયે તો કોઈ પણ મનુષ્યના કલાક બે કલાકના આરામના સમયને શોકજનક વાતોથી મલિન કરી મૂકવાનો આપણને કશો પણઅધિકાર નથી, તેથી કરીને જીહ્વાની લગામ હમેશાં આપણા હાથમાંજ રાખવી જોઇએ, જેથી તે જંગલી જાનવરની પેઠે કદિ ભડકી ન ઉઠે, લગામ ઢીલી મૂકવાથી તેને વશ કરવાનું કાર્ય લગભગ અસંભવિત થઇ પડે છે.

ઉપર કહેવામાં આવ્યું તેમ સંભાષણ કાર્યમાં સૌથી મોટો અવગુણ પરનિંદા કરવાનો છે. પરનિન્દક મનુષ્યોની દશા એવા પાગલ મનુષ્યની જેવી હોય છે કે જેના હાથમાં એક તરવાર આપવામાં આવી હોય છે અને જે કોઇ પણ મનુષ્યને મારતાં અચકાતો નથી. નિંદા કરનાર પ્રત્યેક મનુષ્યમાં સ્હેજ પણ નૈતિક સાહસ રહેતું નથી. તે પ્રત્યક્ષમાં કંઇ પણ કહેવાની હિંમત કરતો નથી. તે કાયર શત્રુ સમાન બની જાય છે. તે ઉપરાંત તેને બીજાની નિંદા કરવાથી એ પણ એક નુકશાન થાય છે કે જેની નિંદા કરવામાં આવે છે તે તેનો દુશ્મન બની જાય છે. જે મનુષ્ય એમ સમજે છે કે આપણે બીજાની નિંદા કર્યા કરીયે છીએ તે વાત તેના કાને પહોંચતી નથી તે મૂર્ખ છે. તેમ બનવું અસંભવિત છે. બીજાની આપણે હજારો પ્રશંસા કરીએ, પરંતુ તે વાત તેના કાને કદાચ નહીં પહોંચે; પરંતુ જ્યારે આપણે કોઇની નિંદા કરીએ છીએ ત્યારે સ્મરણમાં રાખો કે તે વાત તેને હવામારફત પહોંચી જાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એ રીતે જે જે મનુષ્યોની નિંદા કરવામાં આવે છે તે સર્વ દુશ્મન બની જાય છે, અને છેવટે નિંદા કરનારની દશા અત્યંત બુરી થાય છે. એટલા માટે પર–અવગુણ અન્વેષણ કરવામાં તેમજ બીજાને કટુ અથવા કઠોર શબ્દો કહેવામાં મૌન ધારણ રકવુંજ હિતાવહ છે. બની શકે ત્યાં સુધી મ્હોં કરતાં આંખોથી વધારે કામ લેવું જોઇએ.

સમયાનુકૂળ વાતો કરવી તેમજ સંભાષણ ચાતુરી હોવી તે પણ પરમાવશ્યક છે. જે કાર્ય અધિક દ્રવ્યથી વા શક્તિ–પ્રયોગથી નથી થઈ શકતું તે સમયાનુકૂળ વાતો કરવાથી સહજમાં થઇ શકે છે. વાચકોને સુવિદિત હોવું જોઇએ કે બીરબલ પોતાની સભાચાતુરીને લઇને કેવાં કેવાં કષ્ટ સાધ્ય કાર્યો ક્ષણભરમાં કરી શકતો હતો.

છેવટે વાચક વર્ગને શ્રેયસ્કર થઈ પડે તેવા સંભાષણ કરતી વખતે પાલન કરવા યોગ્ય કેટલાક નિયમો નીચે આપવામાં આવે છે.

જેવી રીતે સારાં પુસ્તકોની પસંદગી કેવળ આપણા લાભ માટે કરવામાં આવે છે, તેવી રીતે એવા સોબતી અને સમાજ પણ પસંદ કરવા કે જેનાથી આપણને કાંઇ લાભ થાય. સૌથી સારૂં પુસ્તક અને સારો મિત્ર એજ છે કે જેનાથી આપણને કોઇ પણ પ્રકારનો લાભ થાય અથવા આનંદની વૃદ્ધિ થાય. જો આપણો તે સોબતીઓથી કોઇ પણ જાતનો લાભ થઈ શકતો નથી તો આપણે તેઓના આનંદ અને લાભની વૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. જો તે સોબતીયોથી આપણને જરાપણ લાભ થઈ શકતો નથી અને આપણે પોતે તેઓને કાંઇપણ લાભ કરી શકતા નથી તો આપણે તેઓની સોબત તજી દેવી જોઇએ.

આપણા સોબતીઓના સ્વભાવનું પુરેપુરૂં જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. જો તેઓ આપણાથી મોટા હોય તો તેઓને આપણે કાંઇને કાંઇ પૂછવું જોઇએ અને તેઓ જે કાંઇ કહે તે લક્ષપૂર્વક સાંભળવું જોઇએ. જો તેઓ ન્હાના હોય તો આપણે તેઓને લાભ કર્તા નીવડવું જોઇએ.

જ્યારે પરસ્પરની વાતચીત નીરસ થઈ જાય ત્યારે આપણે કોઇ એવો વિષય શરૂ કરવો કે જેના ઉપર સૌ કોઈ કાંઇને કાંઇ બોલી શકે અને જેનાથી સર્વ મનુષ્યોના આનંદમાં વધારો થાય. પરંતુ જ્યાં સુધી આપણે નવો વિષય આરંભ્યા પહેલાં નવા વિષયનું કાંઇ પણ જ્ઞાન પ્રાપ્ત કર્યું ન હોય ત્યાંસુધી એમ કરવાને આપણે અધિકારી નથી.

જ્યારે કોઈ નવીન, મહત્વપૂર્ણ અથવા શિક્ષાપ્રદ વાત કહેવામાં આવે ત્યારે તેની નોંધ આપણી નોટબુકમાં કરી લેવી. તેમાંથી ઉપયોગી બાબત ધ્યાનમાં રાખવી અને બીજી જરૂરી વાતો ફેંકી દેવી.

કોઇ પણ સમાજમાં અથવા સોબતીયોની પાસે આવતાં જતાં આખો સમય આપણે મૌનવ્રત ધારણ કરવાની જરૂર નથી. બીજાને ખુશી કરવાને અને ઉપદેશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવાને આપણે અવશ્ય પ્રયત્નશીલ રહેવું જોઇએ. ઘણો સંભવ છે કે તેના બદલામાં આપણને પણ આનંદવર્ધક અથવા શિક્ષાપ્રદ સામગ્રી અવશ્ય મળી જશે. જ્યારે કોઇ કાંઇ બોલતું હોય છે, ત્યારે આવશ્યકતાનુસાર આપણે મૌન રહીએ તે ઠીક છે, પરંતુ જ્યારે સઘળા માણસો ચુપ બની જાય ત્યારે આપણે સર્વની શૂન્યતાનો ભંગ જરૂર કરવો જોઇએ.

કોઇપણ બાબતનો નિર્ણય ઉતાવળથી ન કરવો. પહેલાં તેવા બન્ને પક્ષની દલીલનું મનન કરી લેવું. કોઇપણ બાબત વારંવાર ન કહેવી.

એક વાત હંમેશને માટે યાદ રાખવી કે આપણે બીજાની ત્રુટીયો અને દોષો જે દૃષ્ટિથી જોઇએ છીએ, તે દૃષ્ટિથી તેઓ પણ નથી જોતા. તેથી કરીને સમાજની સન્મુખ કોઇપણ મનુષ્યના દોષો ઉપર સ્વતંત્રતાપૂર્ણ આક્ષેપ, કટાક્ષ અથવા ટીકા કરવાનો આપણને લેશ પણ અધિકાર નથી.

જો અંહકારપૂર્ણ, આત્મપ્રશંસક અથવા શેખસલ્લી મનુષ્યોની સાથે કામ પડે તો તેઓને આપણે સમજાવી શકીએ તો ઠીક, નહિ તો પછી ચુપ રહેવું તેજ યોગ્ય છે. જો તેથી પણ કાંઇ અસર ન થાય તો તેમનાથી દૂર થવામાંજ હિત રહેલું છે.

વાતચીત કરતી વેળાએ આપણી બુદ્ધિમત્તા દેખાડવાનો વ્યર્થ પ્રયત્ન ન કરવો. આપણી બુદ્ધિમત્તા આપણી વાતચીત ઉપરથીજ બીજાના જાણવામાં આવી શકશે, જો આપણે હમેશાં આપણી બુદ્ધિમત્તા પ્રદર્શિત કરવા યત્ન કરશું તો આપણી બુદ્ધિહીનતા અધિકાધિક પ્રગટ થઇ જવાનો સંપૂર્ણ સંભવ છે.

કોઇપણ મનુષ્યની વાત આપણને અપમાન જનક જણાય તો પણ અમુક વખત સુધી ચૂપ રહેવાનોજ પ્રયત્ન કરવો. એવું પણ બને કે એ વાત આપણા સ્વભાવને લઇને આપણને ખરાબ લાગતી હોય, પરંતુ બીજા બધાને સારી લાગતી હોય. અને વાત ખરાબજ હોય તોપણ અમુક વખત સુધી ચૂપ રહેવાથી આપણને કદિ પસ્તાવું પડતું નથી, બલ્કે આપણે ધૈર્યનો એક નવો પાઠ શીખીએ છીએ.

• આપણે પોતે સ્વતંત્રતા પૂર્વક તથા સરલતા પૂર્વક વાતચીત કરવી અને બીજાને પણ તેમજ કરવા દેવી. અમૂલ્ય શિક્ષા પ્રાપ્ત કરવાનું આ કરતાં વધારે સારૂં સાધન સંસારમાં એક પણ નથી.

વાતચીત કરવાનો સૌથી વધારે મહત્વપૂર્ણ નિયમ એ છે કે હમેશાં સત્ય બોલવાનોજ પ્રયત્ન કરવો અને જે કાંઇ બોલવું તે સંપૂર્ણ શાંતિ તેમજ નમ્રતા પૂર્વકજ બોલવાનો નિશ્ચયાત્મક સંકલ્પ કરવો. મૃદુતા—નમ્રતા યુક્ત વાણીમાં જાદુઇ—અજબ શક્તિ રહેલી છે એ સૂત્રમાં સંદેહવગર શ્રદ્ધાવાન બનવાથી સંભાષણ કુશળતા સરલતાથી પ્રાપ્ત થઇ શકે છે.

છેવટે પ્રિય વાચક વર્ગને ટુંકામાં એટલુંજ કહેવાની ઇચ્છા ઉદ્દભવે છે કે સં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષણ-શક્તિ એક નૈસર્ગિક અમૂલ્ય બક્ષીસ છે. જેનો સદુપયોગ અથવા દુરૂપયોગ કરવાને આપણે પોતેજ અધિકારી છીએ. ઉક્ત શક્તિનો સદુપયોગ કરવાથી આપણાં જીવનની આંશિક સાર્થકતા થઇ શકે છે, અને પરોપકાર પણ યથાશક્તિ થઇ શકે છે. એટલા માટે આપણે હમેશાં એ શક્તિને સ્વસ્થ તથા માર્જિત અવસ્થામાં રાખવા યત્નશીલ રહેવું જોઇએ. ચાલુ

## સાચા સુખના અર્થી જનોએ ક્લેસ-કુસંપ ટાળી, શુદ્ધ-નિઃસ્વાર્થ પ્રેમ પ્રગટાવવાની અને નિર્દોષ જીવન ગાળવાની જરૂર.

( લે૦ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

૧ અજ્ઞાન અને મોહવશ સ્વાર્થ અંધ બનેલા આપણામાં કલેશ-કુસંપે કાળો કેર વર્તાવ્યો છે.

૨ પ્રથમ જ્યારે તત્ત્વજ્ઞાન-શ્રદ્ધા અને સદાચરણમાં દ્રઢ અભ્યાસથી આપણામાં સુસંપ સારી રીતે જળવાતો હતો, ત્યારે આપણી સમાજ સહુ વાતે સુખી ને આબાદ હતી. તેમાં જ્યારથી કલેશ-કુસંપ પેઠો ત્યારથીજ આપણી અવનતિ-પાયમાલીની શરૂઆત થઇ અને તેનું આટલું બધું માઠું પરિણામ આજે આપણે સહુ સાક્ષાત્ અનુભવીએ છીએ.

૩ એ માઠાં પરિણામનો અંત લાવવા સહુ કોઇ સજ્જન ભાઇ બ્હેનોએ ભારે પ્રયત્ન કરવો ઘટે. હવે વાતો માત્ર કરવાનો વખત નથી. ખરાદીલથી સહુ કોઇએ માર્ગે લાગી જવાની જરૂર છે.

૪ સ્વાર્થ-અંધતા તજી સ્વાર્થ ત્યાગી બનવાની જરૂર છે. ગમે તે રીતે કલેશ-કુસંપને દૂર ફેંકી દઇ, આપણામાં સુસંપનાં બીજો વવાય અને પૂરી કાળજીથી તેનું સારી રીતે રક્ષણ કરાય તો તેમાંથી સુખ-સંપત્તિરૂપ મીઠાં-મધુરાં ફળ-પરિણામ મેળવી શકવાની આશા રખાય.

૫ પવિત્ર જૈનશાસનની રક્ષા તેમજ આપણી પતિત સમાજની ઉન્નતિની ખાતર સહુ શાસન પ્રેમી ભાઇ બ્હેનોએ સમય ઓળખીને, સ્વપર હિતની રક્ષાને વૃદ્ધિ થાય તેવા દરેક સદુપાય આદરવા ઉજમાળ થવુંજ જોઇએ. ઉપેક્ષા કરવાથી તો અધિકાધિક હાનિ ને બિગાડો થવા પામશેજ.

૬ અહિંસા, સંયમ અને તપ લક્ષણ પવિત્ર ધર્મની ઠીક પિછાણ થઇજ હોય, તેમાં સુશ્રદ્ધા-વિશ્વાસ આવેલ હોય અને તેનો રસાસ્વાદ-સ્વાનુભવ કરવા ઇચ્છા જાગીજ હોય તો હવે દુષ્ટ પ્રમાદાચરણ તજીદઇ, શાસન પ્રેમી જનોએ સવેળા જાગ્રત થવું જોઇએ અને સ્વઆત્મ-ઉન્નતિ સાથે આખી સમાજની ઉન્નતિ થવા પામે એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂડી યોજના સ્વબુદ્ધિબળથી ઘડી કાઢીને ઇષ્ટ ફળસિદ્ધિ માટે સત્વર સફળ પ્રયત્ન કરવો જોઇએ.

૭ આજસુધી પેટ ભરીભરીને વાતો કર્યા કરી, તેથી શી કાર્ય સિદ્ધિ થઇ ? હવે નકામો સમય નહીં ગાળતાં, આપણામાં જડઘાલીને પેસીગયેલ એકે એક દોષ દૂર થાય તેવો સબળ પ્રયત્ન કુશળતાથી સહુએ કરવાની જરૂર છે.

૮ નીરાશ બની નહીં જતાં, દોષ દ્રષ્ટિ ટાળીને સહુએ ખરૂં સુખ સાધવા, ગુણ દ્રષ્ટિ આદરી યથાશક્તિ ને યથાઅવકાશ કામ લેતા શીખવું જોઇએ. હજી બાજી હાથ છે ત્યાંસુધીમાં ચેતીને ચલાય, નિઃસ્વાર્થ પ્રેમથી સહુનું હિત ઇચ્છાય અને કરાય એવું નિર્દોષ જીવન ગાળતાં શીખવું જોઇએ. શાસન પ્રેમી જૈનોને એવી સદ્દબુદ્ધિ જાગો ઇતિશમ્.

# જયંતી ઉજવવાનો હેતુ–ઉદ્દેશ.

શ્રીમાન્ તીર્થંકર, ગણધર કે આચાર્યાદિકે મહા પુરૂષોની જયંતી ઉજવવાનો પવિત્ર હેતુ–ઉદ્દેશ એજ હોઇ શકે કે એ ઉજવળ પ્રસંગે તે તે પવિત્ર–પરમ પવિત્ર આત્માઓના પવિત્ર આચાર–વિચારોનું સાદર સ્મરણ કરીને—અનુમોદન કરીને આપણામાં વ્યાપી રહેલી જડતા–મંદતાને દૂર કરી તેમના પનોતા પગલે ચાલવા યથાશક્તિ આપણે ઉજમાળ બનીએ. આ વાતને ઠીક લક્ષમાં રાખીને જે ભવ્યાત્મા એ મહા પુરૂષોની જયન્તી ઉજવવામાં, વખતનો વીર્ય–શક્તિનો તથા ધનનો વ્યય કરે તો તેથી કંઇને કંઇ લાભ મેળવવા તેઓ ભાગ્યશાળી નીવડે ખરા. તે વગરનું તો લગભગ બધું નકામું જાય છે. જયંતી જેવા દરેક શુભ પ્રસંગની અસર આપણી જાત ઉપર જેટલી સચોટ થાય તેટલી તેની સફળતા લેખવા કશો બાધ જણાતો નથી. બાકીનો બધો લગભગ તમાસો. જ્યાંસુધી આપણામાં જડ ઘાલી રહેલી પાર વગરની ભૂલો સુધારી લેવા કશો પ્રયત્ન ન કરીએ ત્યાંસુધી આ બધું ફારસ કાં ન જેવું લેખાય ?

જેથી આપણી જાતની, પ્રજાની, સમાજની અને દેશની અવનીતિ–ખરાબી થવા પામે છે, એવી દરેક દરેક બદીને શોધી શોધીને દૂર કરવા સહુ શાણા ભાઇ બ્હેનોએ હવે તો કેડ કસવી જોઇએ. જ્યાં સુધી આપણે પગપર કૂહાડો લહીને આપણામાંની બદીઓ કાઢશું નહીં ત્યાં સુધી આપણું બોલ્યું કારવ્યું બકવાદ રૂપ લેખાવાનું ને નકામું જવાનું. વીરપુરૂષોની જયંતિ ઉજવી, તેમના ગુણાનુવાદ કરી–સદ્દગુણોની સાચા દીલથી પ્રશંસા કરી, આપણી મલીન વાસનાઓને આપણે ધોઇ કાઢવી જોઇએ. જો તમોને તેમના ખરા રૂપમાં આપણે ઓળખી શકયા જ હોઇએ તો તેમના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવી વીરતા–નિર્ભયતાને નિઃસ્વાર્થભાવે દયા, દાનને દમ (તપ–સંયમ–જિતેન્દ્રિયતા) આદરવા–પ્રગટ કરવા આપણે શા માટે ઉજમાળ ન થવું જોઇએ ? ઉત્તમ પુરૂષોના ગુણાનુવાદથી આપણામાં ઉત્તમતા આવેજ એવું કથન સાચુંજ માનતા હોઇએ તો તે આત્મલક્ષથી આત્માને અર્થેજ–લોકરંજનાર્થેજ ન હોવું જોઈએ, ધાતુ ઉપર વળેલો કાટ યત્નથી દૂર થતાં જેમ તે ઉજ્વળ થાય છે તેમ અનાદિ દોષ સંગથી થએલી કર્મ–ઉપાધિ સદુદ્યમથી દૂર થતાં આપણો આત્મા પણ ઉજ્વળ થશેજ. સમમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રનું યથાવિધ આરાધન જેવો કોઈ સદુદ્યમ નથીજ. સહુને એવી શુદ્ધ વિમળમતિ જાગો !

લે૦ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# શ્રીમદ્ આ૦ મ૦ જયંતી પ્રસંગે કરેલ ભાષણનો સાર.

( પાટણ ૧૯૭૮ જેઠ શુ. ૮ )

સદ્ગુણાનુરાગી મુનિ કર્પૂરવિજયજી.

" પવિત્ર કરી જે રે જીહા તુજ ગુણે, શિર વહિએ તુજ આણ;
મનથી કહિયે રે પ્રભુ ન વિસારિયે, લહીએ પરમ કલ્યાણ. શ્રી સીમંધર "

શુદ્ધ દેવ ગુરૂની સેવાભક્તિ કરી તેની સફળતા ઇચ્છનારા ભાઇ બ્હેનોએ શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજના ઉપરના બોલ બરાબર વિચારી તેનો યથાશક્તિ આદર પ્રમાદ રહિત કરવો જોઇએ. દેવને અને ગુરૂને સરખા ઉપગારી લેખી તેમની સેવા આરાધના કરવી જોઇએ. શુદ્ધ દેવગુરૂના ખરા–સદ્ભૂત ગુણોની સ્તવના–સ્તુતિ કરવાથી આપણી જીભ પવિત્ર થાય છે. અર્થાત્ જીભને પવિત્ર કરવા શુદ્ધ દેવગુરૂના ખરા ગુણ ગાવા અને તેમની નિઃસ્વાર્થભરી એકાન્ત હિતકારી આજ્ઞાને શિરસાવંદ્ય કરવી–મસ્તકે ધારવી–તન મન વચનથી તેનું પાલન કરવા યથાશકિત પ્રયત્ન સેવવો અને તેમનો અમાપ ઉપગાર લગારે ભૂલીએ–વિસારીએ નહીં તો જરૂર આપણું હિત એમ સહેજે સાધી શકીએ, બાકી તો તેમની એકાન્ત હિતકારી પવિત્ર આજ્ઞાની અવગણના કરી ગમે તેટલો બાહ્ય પૂજા–ભકિતનો આડંબર કરીએ તે નિષ્ફળ કહેલો જાણી તેમની આજ્ઞાને અનુસરવા અધિકાધિક લક્ષ રાખવું જોઇએ. પાત્રતા વગર ખરી વસ્તુની પ્રાપ્તિ થઇ શકે નહીં તેથી ધર્મરત્ન પ્રાપ્તિ યોગ્ય પાત્રતા મેળવવા પ્રથમ પ્રયત્ન સેવવો જોઇએ. મન વચન કાયા કહો કે વિચાર વાણીને આચારમાં વિરોધ ન આવે તેવો સરલપણે આદર કરવો જોઈએ. જો આપણા વિચાર વાણીને આચારમાં રૂડી એકતા આવે ને વિરોધ ટળે તો તેથી સ્વપરને ભારે લાભ થવા પામે. સહુને આત્મ સમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખી આપણા તુચ્છ સ્વાર્થની ખાતર દુઃખ-પ્રતિકૂળતા કોઇને ઉપજે એવું આચરણ નજ કરવું સત્યાગ્રહી બનવું-પ્રાણાન્ત કષ્ટે પણ સત્ય માર્ગથી ચલિત નજ થવું, પ્રમાણિક બનવું-પ્રાણાન્તે પણ અન્યાય-અનીતિથી દૂરજ રહેવું. સુશીલ રહેવું-શીલ (બ્રહ્મચર્ય) ને પ્રાણથી અધિક કિંમતિ લેખવું, સંતોષી જીવન ગાળવું, માયા મમતાને વિષય તૃષ્ણાદિકને તજી, આત્મા ઉન્નત (ઉચ્ચ ગામી) થાય તેવી સાદાઇ આદરવી, મમ્મણ શેઠ કેમ નિંદા પાત્ર થયો ? અને પૂણિયો શ્રાવક પ્રશંસા પાત્ર થયો ? અંબડ પરિવ્રાજક દ્વારા સુલસા શ્રાવક પ્રત્યે મહાવીર પ્રભુએ 'ધર્મલાભ' કેમ પાઠવ્યો તેનું ઉંડું રહસ્ય વિચારવું ઘટે છે અને નરી કથનીમાં કાળક્ષેપ કરવા કરતાં બની શકે તેટલી રહેણી-કહેણી આત્મ લક્ષથી કરવા ચુકવું ન જોઇએ. ઇતિશમ.

# વર્તમાન સમાચાર.

## દેલવાડા જતાં જૈન યાત્રાળુઓ આબુ કેંપમાંથી જવાની પરવાનગી.

જૈનોના પ્રાચીન તિર્થ શ્રી દેલવાડાના જૈનમંદીરોને યાત્રાએ જતાં જૈન યાત્રાળુઓને છેલ્લાં કેટલાંક વરસો થયાં આબુ કેંપના—સરીયામ રસ્તાને બદલે વાંકાચુકાં પગરસ્તાથી દેલવાડા જવું પડતું હતું. આથી યાત્રાળુઓને ઘણી હાડમારી ભોગવવી પડતી હતી. આ સંબંધી વાટાઘાટ કરવાને રજપુતાનાના ના૦ એજંટ ટુ ધી ગર્વનર જનરલ પાસે જૈનકોમની જુદી જુદી સંસ્થાઓના પ્રતિનિધીઓનું બનેલું એક જૈન ડેપ્યુટેશન તા. ૧૨-૪-૨૨ના રોજ ગયું હતું. તે ડેપ્યુટેશનની મુલાકાત પછી તા. ૪-૫-૨૨ના રોજ માઉન્ટ આબુના ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ તરફથી નીચે મુજબ એક નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ નોટીસની રૂએ હવે દેલવાડા જતાં યાત્રાળુઓ આબુરોડ સ્ટેશને ડાકટર પાસેથી પીળારંગનો પાસ લઇને કેંપને રસ્તે દેલવાડા જઇ શકશે. જેઓ આ પાસ લઇને કેંપમાંથી પસાર થાય તેમને કોઇ રીતે ડાકટરી તપાસ આપવાની જરૂર નથી.

માજીસ્ટ્રેટ તરફથી બહાર પાડવામાં આવેલી નોટીસ નીચે મુજબ છે.

### નોટીસ.

આ જાહેરખબરથી દેલવાડા જનારા સર્વે યાત્રાળુઓને ખબર આપવામાં આવે છે કે દેલવાડા જવા માટે આબુરોડમાં ડાકટરી તપાસ ચોકી આગળ તેઓની મરજી મુજબ બે પાસમાંથી ગમે તે પાસ તેઓને આપવામાં આવશે. એક પાસ ભુરા રંગનો, ઢુંઢાઇ ચોકી પાસે થઇ યાત્રાળુઓને રસ્તે બારોબાર દેલવાડા જવાની ઇચ્છાવાળાઓને આપવામાં આવશે, અને બીજો પાસ પીળા રંગનો માઉન્ટ આબુમાં થઇ જવાની જેઓની ઇચ્છા હશે તેમને આપવામાં આવશે. પરંતુ પીળો પાસ લેનારાઓએ ધ્યાનમાં રાખવું જો તેઓ માઉન્ટ આબુની હદમાં રહેશે તો જ્યાં સુધી તેઓ સરહદમાં રહે ત્યાં સુધી તેમને દરરોજ દશ દિવસ સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એડમ્સ હોસ્પીટલમાં ડાક્ટરી તપાસ માટે જવું પડશે. પોતાને ખરચે ફી આપવાથી ઘેર પણ સદર તપાસ કરવાનો બંદોબસ્ત થઇ શકશે ભુરા રંગનો પાસ લેનારને માઉન્ટ આબુમાં જવા દેવામાં આવશે નહિ.

માઉન્ટ આબુ }
તા. ૪ મે ૧૯૨૨ } (સહી અંગ્રેજીમાં) જી. બી. વોર્ડર, મેજર.
ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, માઉન્ટ આબુ.

આ તથા બીજી બાબતો સંબંધી આબુના સત્તાવાળાઓ સાથે પત્રવ્યવહાર ચાલુ છે અને તેનો યોગ્ય ખુલાસો થવાથી જૈન કોમની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવશે.

લી.
મગનલાલ એમ. શાહ.
ઓન૦ સેક્રેટરી.
ધી જૈન એસો. ઓવ. ઇન્ડીઆ.—મુંબઇ.

# શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરનો ૨૬ મો વાર્ષિક મહોત્સવ તથા શ્રીમાન્ વિજયાનંદસૂરી આત્મારામજી મહારાજની જયંતી.

ચાલતા માસ જેઠ શુદી ૭ ના રોજ ભાવનગરમાં આ સભાની વર્ષગાંઠ નિમિત્તે અને જેઠ શુદી આઠમના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર સ્વર્ગસ્થ મહાત્મા શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ ) ની સ્વર્ગવાસ તિથિ નિમિત્તે નીચે મુજબ મહોત્સવો કરવામાં આવ્યા હતા.

૧ શ્રી જૈન આત્માનંદ સભાને સ્થાપન થયા છવીશ વર્ષ પુરા થઇ સત્તાવીશમું વર્ષ શરૂ થવાથી આ માસની શુદી ૭ ના રોજ સભાની વર્ષગાંઠ હોવાથી આ ઉત્તમ પ્રસંગને માટે પ્રથમ આમંત્રણ પત્રીકાઓ છપાવી બહાર ગામના મેમ્બરોને મોકલવામાં આવી હતી.

જેઠ શુદી ૭ ના રોજ દરવર્ષ મુજબ વાર્ષિક મહોત્સવ સભાના મકાનને ધ્વજાપતાકા તોરણોથી શણગારી તેમાં પ્રથમ સ્વર્ગવાસી પૂજ્યપાદ ગુરૂરાજશ્રીની છબી પધરાવી મુનિરાજ શ્રી આત્મારામજી મહારાજ કૃત સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી, જે વખતે મેમ્બરો ઉપરાંત અન્ય ગૃહસ્થોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી. અને સ્વામીવાત્સલ્ય પણ વોરા હઠીશંગભાઇ ઝવેરચંદ તરફથી કરવામાં આવેલ હતું. ત્યારબાદ જેઠ શુદી ૭ ના રોજ સાંજની ટ્રેનમાં આ સભાના સભાસદો શ્રી સિદ્ધાચલજી ગયા હતા.

૨ જેઠ શુદી ૮ ના રોજ સવારના શ્રી સિદ્ધાચલજીના ડુંગર ઉપર મોટી ટુંકમાં જ્યાં સ્વર્ગવાસી ઉક્ત મહાત્માની મૂર્તિ સ્થાપન કરવામાં આવેલી છે, ત્યાં ગિરિરાજ ઉપર શ્રી આદિશ્વર ભગવાન, શ્રી પુંડરિકજી મહારાજ, શ્રી શાંતિનાથજી મહારાજ, પાદુકા અને શ્રી આત્મારામજી મહારાજની મૂર્તિને સુંદર આંગી રચવામાં આવી હતી. અને યાત્રા, પૂજા, ભાવના વિગેરે ઉત્તમ કાર્યો કરવામાં આવ્યા હતા. તેમજ શ્રી નવાણું પ્રકારી પૂજા ( મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત ) ભણાવવામાં આવી હતી અને સ્વામીવાત્સલ્ય પણ કરવામાં આવ્યું હતું. એ રીતે ગુરૂરાજની જયંતી ઉજવવામાં આવી હતી. આ જેઠ શુદી ૮ ના જયંતીનો સઘળો ખર્ચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સભાના શ્રી જામનગર નીવાસો માનવંતા લાઇફ મેમ્બર શેઠ મોતીચંદભાઇ હેમરાજ ઝવેરીના પુત્ર છોટાલાલભાઇએ કબુલાત મુજબ ઉદારતાથી આપ્યો હતો. ભાવનગરમાં થયેલ સભાની આ વર્ષગાંઠ વખતે ગુરૂભક્તિના કાર્યમાં અત્ર બીરાજમાન પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજ વગેરે મુનિ મહારાજોએ પણ ભાગ લઇ ગુરૂભક્તિ કરી હતી.

## શ્રી લુધીયાના–પંજાબમાં પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની ઉજવવામાં આવેલી જયંતી.

જેઠ શુદ ૮ ના રોજ પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજની સ્વર્ગવાસ તીથી નિમિત્ત મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજના અધ્યક્ષપણા નીચે જયંતી ઉજવવામાં આવી હતી, સવારના આ કાર્ય માટે બે હજાર ભાઇ બ્હેનોનો સમુદાય એકઠો થયો હતો, અને ગુણ ગ્રામ ભક્તિ કરવામાં આવી હતી, ગુરૂમહારાજના ભક્તિ—શ્રાવકોએ જયંતીની યાદગીરી તરીકે ચરબીવાળાં અપવિત્ર વસ્ત્ર અને રેશમી વસ્ત્ર લગ્નાદિ કોઈ પ્રસંગમાં વાપરવા નહીં એવી પ્રતિજ્ઞા કરી હતી. જેથી હજારોનો ખર્ચનો બચાવ થવાનો સંભવ છે. એ રીતે ગુરૂભક્તિ કરી જયંતી ઉજવવામાં આવી હતી.

## પાટણમાં શ્રી વિજયાનંદ સૂરીશ્વર મહારાજની ઉજવાયેલી જયંતી.

સંવત ૧૯૭૮ના જેઠ સુદી ૮ ના દિવસે પાટણમાં શ્રી અષ્ટાપદજીની ધર્મશાળાના વિશાળ હોલમાં શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી ઉર્ફે આત્મારામજી મહારાજની જયંતી મુનિ મહારાજ શ્રી હંસવિજયજીની અધ્યક્ષતામાં ઉજવાઇ હતી. તે પ્રસંગે જૈન કન્યાશાળાની બાળાઓએ મંગલાચરણ કર્યું હતું તથા પન્યાસજી સંપતવિજયજી અને મુનિ શ્રી કુસુમવિજયજીએ સારાં સારાં કાવ્ય અને ગાયનોમાં ગુરૂસ્તુતિ કરી હતી. ત્યારબાદ બાબુ જીવણલાલજી આદિ શ્રાવક શ્રાવિકાઓએ શ્રી મહારાજજીની આબેહુબ મોટી છબીની વાસક્ષેપથી પૂજા કરી હતી.

તદનંતર મુનિરાજ શ્રી સન્મિત્ર કર્પૂરવિજયજીએ આચાર્ય મહારાજના ગુણ ગર્ભિત, જયંતીના ઉદ્દેશને લગતું કેટલુંક સદ્‌વર્તન લોકોને સમજાવ્યું હતું છેવટે ભોજકોએ વાજીંત્ર સાથે અન્ય મંગળ કર્યું તે શ્રવણ કરી શ્રોતાજનો સહર્ષ રવાના થયા હતા.

પુનઃ બપોર પછી શ્રી પંચાસરા પાર્શ્વનાથજીના દેરાસરજીમાં શાહ મોહનલાલ ચુનીલાલ બલાખી તરફથી મુનિ મહારાજ શ્રી હંસવિજયજી વિરચિત શ્રી ગિરનાર મંડન નેમિનાથજીની પૂજા ભણાવવામાં આવી હતી. તેમાં પાટણના નામાંકિત સંગિત કળાકુશળ ભોજક હરિલાલ તથા ભોજક ઉત્તમચંદ આદિ છ ગવૈયાઓએ સારંગી, દિલરૂબા તથા હારમોનિયમ આદિ વાજીંત્રો સાથે સારો રંગ જમાવ્યો હતો. દરમિયાન પંન્યાસજી સંપતવિજયજી તથા ઝવેરી મણિલાલભાઇએ પણ સારો ભાગ લીધો હતો. સાંજના છ વાગ્યા સુધી ચતુર્વિધ સંઘનો જમાવ આનંદમાં ગરકાવ રહ્યો હતો.

For Private And Personal Use Only

આ દિવસે શ્રી પંચાસરાજી પાર્શ્વનાથની પ્રતિમાઓની અને કળીકાળ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય આદિ આચાર્યોની મૂર્તિઓની રત્નજડિત આભરણો વિગેરેથી ભવ્ય અંગરચના કરવામાં આવી હતી. આ પ્રસંગે પાટણ વસાવનાર અને શ્રી પંચાસરજી પાર્શ્વનાથના પરમ ભક્ત વનરાજ ચાવડાની મૂર્તિને પણ શણગારવામાં આવી હતી.

સંધ્યા વખતે પ્રતિક્રમણ થઇ રહ્યા બાદ ઉપર જણાવેલ તમામ ગવૈયા મંડળે ગુરૂમહારાજની ઉક્ત છબી આગળ ભાવનાનો રંગ જમાવ્યો હતો. એકંદર તે આખો દિવસ ધાર્મિક કૃત્યોથી સફળ વ્યતિત થયો હતો. ( મળેલું )

# ગ્રંથાવલોકન.

## સમ્યગ્જ્ઞાન સમ્યગ્ દર્શન પૂજા.

આ બન્ને પૂજાઓ કે જેના યોજક વિદ્દવર્ય મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ છે. તેઓની કૃતિની અનેક પૂજાઓ છે તેમાં ઉપરોક્ત બંને પૂજા હાલમાં ઉક્ત મહાત્માએ બનાવી છે. ભક્તિમાં રસ લેનાર બંધુ માણેકલાલ નાનજી ભાવનગરવાળાએ બીકાનેર નિ[illegible] મલજીની તેમજ શાહ મગનલાલ કાળીદાસ વીજાપુરવાળાની આર્થિક સહાયવડે પ્રગટ કરેલ છે. આ પૂજાના યોજક મહાત્માની કવિત્વ શક્તિ એવી સરસ છે કે, દરેક પૂજાઓની જેમ આ બંને પૂજાઓ પણ કેટલાક નવીન રાગ રાગીણિ સાથે રસ લાલીત્યથી ભરપુર છે, વળી પાછળ પા. ૩૩ મે પરિશિષ્ટમાં બંને પૂજાની સંક્ષિપ્ત નોટ-અર્થ સંક્ષિપ્તથી આપવામાં આવેલ છે, જેથી તેના અર્થ ભાવ જાણવાની ઇચ્છાવાળાને અને દરેક જિજ્ઞાસુને જ્ઞાન પૂર્વક ભક્તિનો લાભ મળી શકે તેવું છે. આ યોજના પણ એક નવીન છે, દરેક જૈન બંધુઓએ લાભ લેવા જેવું છે.

તેની અમુક કોપીઓ તે પણ માત્ર બ્હોળો પ્રચાર થવા માટે માત્ર નામની કિંમતે એક આનાથી (પોસ્ટેજ સાથે બે આનાથી) મોકલવામાં આવે છે. આવી નવીન પૂજાઓ બનાવી ઉક્ત મહાત્મા જૈન કોમ ઉપર ઉપકાર કરે છે; સાથે આર્થિક સહાય આપનાર અને તેને માટે નિસ્વાર્થી મહેનત કરી પ્રકટ કરનાર પણ ધન્યવાદને પાત્ર છે. અમારે ત્યાં ઉપર જણાવેલ કિંમતે મળી શકશે બહાર ગામવાળાએ પોસ્ટ સાથે બે આનાની ટીકીટ મોકલવી.

**શ્રી જૈન આત્માનંદ સભા.—ભાવનગર.**

**શ્રી પાલનપુર જૈન વિદ્યાલયનો દ્વિતીય વાર્ષિક રિપોર્ટ**—અમોને અભિપ્રાય માટે મળેલ છે. પાલનપુર સ્ટેટના જૈનવિદ્યાર્થી કેળવણીમાં આગળ કેમ વધે તે માટે ખાવા પીવા રહેવા વગેરેની સગવડ પુરી પાડવા માટે આ સસ્થાની સ્થાપના બે વર્ષ થયા થયેલ છે. વિદ્યાર્થીઓની સંખ્યા સાલ આખર ૩૫ ) ની હોવાથી આ સંસ્થામાં હજી વિદ્યાર્થી બહુ ઓછા લાભ લેતા હોય, અથવા તે સંસ્થાનના જૈનોમાં કેળવણીનો રસ બહુ ઓછા મનુષ્યો લેતા હોય તેમ માની શકાય. રીપોર્ટ વાંચતાં એકંદર રીતે વ્યવસ્થા ઠીક માલમ પડે છે. ફંડ પણ શરૂઆતમાં ઠીક થયેલું જણાય છે. વધારે વિદ્યાર્થીઓ લાભ લે તેવા પ્રયત્ન થવા જરૂર છે. તેમ થતાં મોટા ખર્ચને પહોંચી વળવાને કે ફંડમાં મોટી રકમ થઇ શકે ત્યાં ઘણા જૈન કોમમાં શ્રીમાનો હોવાથી બનવા શક્ય છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્કૃત ગ્રંથો.

( નીચેના પ્રસિદ્ધ થયા છે. )

## મુનિમહારાજાઓને વિનંતિ.

જે જે ગ્રંથોમાં પુરતી આર્થિક સહાય મળેલ છે તે તે ગ્રંથો, આર્થિક સહાય આપનાર જૈન બંધુઓની ઇચ્છા મુજબ ભેટ અથવા વેચાણ અભ્યાસી સાધુ મુનિરાજ વગેરેને તેઓશ્રીના વડિલ ગુરૂ કે તે સમુદાયના વિદ્યમાન વડિલ મુનિરાજશ્રીના પત્ર કે આજ્ઞાથી, તેમજ જ્ઞાનભંડારના માટે તેમના કાર્યવાહકોના પત્રથી પ્રથમ મુજબ સભાના ધારા પ્રમાણે પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ મોકલવામાં આવશે, કેટલી કોપીયો છપાવેલ છે કે સિલીકે છે તે ઉપર આધાર રાખી ભેટ મોકલવામાં આવશે કેટલાક ગ્રંથોમાં સહાય નહીં મળેલ હોય તે કિંમતથી મોકલવામાં આવશે, ઓછી સહાય મળેલી હશે તેમાં તે ઉપર આધાર રાખી તેટલી ઓછી સંખ્યામાં ભેટ, અને બાકીની વેચાણ આપવામાં આવશે.

## ભેટના ગ્રંથો.

૧ **સાધુ પ્રતિક્રમણસૂત્ર**—

૨ નલદવદંત્યુપાખ્યાન.

૩ **પ્રશ્નપદ્ધતિગ્રંથ**—આ ગ્રંથ અપૂર્વ છે. આ ગ્રંથના કર્તા નવાંગિવૃતિકાર શ્રીમદ્ અભયદેવસૂરિના શિષ્ય શ્રી હરિચંદ્રગણી છે અને દરેકને વાંચવા લાયક છે.
કિંમત ૦–૨–૦ બે આના.

૪ **શ્રી કલ્પસૂત્ર-કીરણાવલી**—શ્રી ધર્મસાગરગણિ રચિત કીરણાવલી તથા શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ સ્વામી પ્રણિત શ્રી કલ્પસૂત્ર.

## ઓછી સહાય મળેલ ગ્રંથો.

૫ **ચૈત્યવંદન ભાષ્ય**—આ ગ્રંથ ઘણો ઉપયોગી છે, તે સાથે અનેક શંકા સમાધાન પૂર્વક ચૈત્યવંદન વગેરેનું સ્થાપન કરેલું છે. વાંચવાને સુગમ પડે તે માટે દરેક ગાથાની સંસ્કૃત છાયા કરેલી છે. મૂળ માગધીમાં છે. સાથે ઉપયોગી ટીપ્પન પણ આપેલું છે. માટે તાકીદે મંગાવો નકલો ઘણીજ થોડી છે. અમુક કોપીજ ભેટ બાકી વેચાણથી મોકલવામાં આવશે. કિં૦ ૧-૧૨-૦

## કિંમતથી આપવાના ગ્રંથો.

૬ " **યોગદર્શન તથા યોગવિંશિકા ગ્રંથ** "—આ બંને ગ્રંથો સાથે છે. તેના ઉપર ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજે ટીકા કરેલી છે, તે સાથે વાંચનારને સુગમ પડે તે બદલ બંને ગ્રંથોનો હીંદિભાષામાં સાર સવિસ્તર આપેલ છે તેમજ નિવેદન અને પ્રસ્તાવના વિદ્વત્તાપૂર્ણ હોવાથી મનન કરવા જેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. આ ગ્રંથના સંપાદક પ્રજ્ઞાચક્ષુ વિદ્વદ્વર્ય પંડિતજી સુખલાલજી હોવાથી વધારે શું લખવું ? ગ્રંથ વાંચવાથીજ તેની ખરેખરી ઉપયોગીતા અને અપૂર્વતા માલમ પડે તેમ છે. કિંમત રૂા. ૧–૮–૦

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને સુચના.

ઉપર પ્રમાણેના ગ્રંથો તમામ સંસ્કૃત હોવાથી જે સભાસદ બંધુ તેના અભ્યાસી હોય તેમણે મંગાવી તેનો લાભ લેવા ભેટ મંગાવવા, બાકી તેના અભ્યાસી ન હોય તેવા સભાસદ બંધુઓને ઉપયોગી ન હોવાથી આશાતના થવા સંભવ રહે છે, જેથી જે જે બંધુઓ નહીં મંગાવે તેમની વતી તેટલા વધારે પ્રમાણમાં તે ગ્રંથો સાધુ સાધ્વી મહારાજ તેના જે અભ્યાસીઓ હશે તેઓશ્રીને વધારે ભેટ મોકલી જ્ઞાનદાન સુપાત્રદાનનો લાભ તે સભાસદ બંધુઓની વતી આપીશું.

કલ્પસૂત્ર કીરણાવળી સૂત્ર હોવાથી માત્ર મુનિ મહારાજ અને જ્ઞાન ભંડારને ધારા પ્રમાણે ભેટ આપવાના છે.

**ઉપર જણાવેલાં ગ્રંથો પૈકી કેટલાકનું બાઇડીંગ પાટલી વગેરે તૈયાર થાય છે જેથી એક માસ પછી ભેટ કે વેચાણ મંગાવવા તસ્દી લેવી.**

---

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ **સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા** શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ **જૈન મેઘદૂત સટીક**
૩ **જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ**
૪ **અંતગડદશાંગસૂત્ર સટીક** ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૬ **ષટ્સ્થાનક** સટીક.
૭ **વિજ્ઞપ્તિ સંગ્રહ.**
૮ **સંસ્તારક પ્રકીર્ણક** સટીક.
૯ **શ્રાવકધર્મવિધિ પ્રકરણ** સટીક.
૧૦ **વિજયદેવસૂરિ મહાત્મ્ય.**
૧૧ **જૈન ગ્રંથ પ્રસસ્તિ સંગ્રહ.**
૧૨ **લિંગાનુશાસન સ્વોપજ્ઞ** (ટીકા સાથે)
૧૩ **શ્રી નંદીસૂત્ર–શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા** સાથે બુહારીવાળાશેઠ મોતીચંદ સુરચંદ તરફથી.
૧૪ **શ્રી મંડલપ્રકરણ,**
૧૫ **ગુરૂતત્ત્વ વિનિશ્ચય** શેઠ પરમાનંદદાસ રતનજી ગોઘાવાળા, હાલ મુંબઇ.
૧૬ **ગુણમાળા** (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા–નવસારી.
૧૭ **શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.**
૧૮ **દાનપ્રદીપ** ,,
૧૯ **સંબોધ સિત્તરી** શ્રી તખતગઢના જૈન ગૃહસ્થો તરફથી.
૨૦ **ધર્મરત્ન** પ્રકરણ. ,,
૨૧ **ચૈત્યવંદન મહાભાષ્ય** (ભાષાંતર)
૨૨ **નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)**
૨૩ **શ્રી નેમિનાથ ચરિત્ર ભાષાંતર.**
૨૪ **પ્રભાવિક ચરિત્ર ભાષાંતર.**

નંબર ૧૭–૧૮–૨૦–૨૧–૨૨–૨૩–૨૪ ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુત્ર જોઇએ છે કે પુત્રી?

સંતાનને માટે કપાળે હાથ ફેરવવા કે દોરા—ધાગા કરીને **હેરાન શામાટે** થવું જોઇએ જે જોઇએ તે મેળવવાની કળા શીખી લ્યો—તમારો સંસાર જ **એવો રચો કે જીંદગીભર સુખ-સંતોષ અને આબાદી** જ ભોગવી શકાય. જ્યાં કુશળ-**નિરોગી અને શાંત સુંદરી હોય**, ત્ય શું ખામી રહે?

મનમાની પ્રજાને જન્મ આપીને તેને ઉછેરવા અને બળવાન રત્નોની રક્ષા કરીં ભવિષ્યની આદર્શ પ્રજા તૈયાર કરવાને જરૂરના હરેક પાઠો **શીખવા હોય** તો—

## મહીલા—મહોદય.

જરૂર વાંચી જજો. હરેક ઘરમાં તે હાથહાથ વંચાવું જોઇએ. **આ ગ્રંથ એક** સંસારની સું તાનો કીમતી ખજાનો છે. જે કલ્પવૃક્ષનું કામ કરે છે. આ ગ્રંથની ઉપયોગીતા માટે રે પ્રમાણપત્ર છે કે તેને **મુંબઇ સરકારના કેળવણી ખાતાએ તેમજ વડોદરા, જુનાગ અને પોરબંદરના કેળવણી ખાતાએ ઇનામ તથા પુસ્તકાલય માટે મંજુર કરેલ** તેમાં નીચેના વિષયો છે તે જાણી જવાથી ખાત્રી થશે.

**પ્રથમ પરિચ્છેદ—**

૧ બાળલગ્ન.
૨ પુષ્પ ગર્ભાશય.
૩ ઋતુવંતીના ધર્મ.
૪ ઋતુ સ્નાન પછીનો વિધિ.
૫ શયન ચિકિત્સા.
૬ પુત્રિ કે પુત્ર પેદા કરવાની વિધિ.
૭ નક્ષત્ર વિચાર.
૮ આહાર વિહાર.
૯ સ્વચ્છતાની સંતતિ ફળ ઉપર અસર.
૧૦ માનસિક ભાવનાનો પ્રભાવ.
૧૧ ગર્ભ કેળવણી.
૧૨ પુત્ર અને પુત્રીમાં સમાનતા.
૧૩ ગર્ભ રહ્યો છે કે તેની પરીક્ષા.
૧૪ ગર્ભમાં પુત્ર છે કે તે જાણવાની રીત
૧૫ ગર્ભિણીએ પા[illegible] નિયમો.
૧૬ સોળ સંસ્કાર.
૧૭ ગર્ભાધાન સંસ્કાર

For Private And Personal Use Only

૧૮ પુંસવન સંસ્કાર વિધિ.
૧૯ પ્રસુતિને પાળવાના નિયમો
૨૦ ગર્ભવંતીના દર્દો અને તેના ઉપાયો.
૨૧ પ્રસવ સમય જાણવાના લક્ષણ.
૨૨ સુવાવડીના માટે કેવું મકાન જોઈએ ?
૨૩ વેણ લાવવાના ઉપાય.
૨૪ પ્રસવ સમયની વ્યાધિઓ અને તેના ઉપાય.
૨૫ ઓર ન પડતી હોય તો તેના ઉપાય.
૨૬ જન્મ સંસ્કાર વિધિ.
૨૭ ગળથુથી
૧૮ સુવાવડીનો ખોરાક.
૧૯ પ્રસવ સુળનો ઉપાય.
૦ દાવ્યાહિક ક્વાથ.
૧ ચંદ્ર દર્શન વિધિ.
૨ ન્હવણ વિધિ.
૩ ક્ષિરાસન સંસ્કાર વિધિ.
૪ ષષ્ઠી પૂજન સંસ્કાર.
૫ નામાધિકરણ સંસ્કાર.
૬ સુંઠીપાક ( કાટલું )
૭ બાળકને શી રીતે ઉછેરવા ?

## દ્વિતીય પરિચ્છેદ.

સંતતિ સંરક્ષણ.
સબળ સંતતિ ઉત્પન્ન થવાનો સમય.
ધાવણ પરિક્ષા.
બાહુતી ધાવ.
ગાય કે બકરીના દુધનું સેવન.
૪૩ વ્હેમ.
૪૪ સ્તનપાનનો સમય.
૪૫ ધાવણ વધારવાનો ઉપાય.
૪૬ અજીર્ણનો ઉપાય.
૪૭ બાળકને બલિષ્ઠ કેમ બનાવવું.
૪૮ અન્ન પ્રાશન સંસ્કારવિધિ.
૪૯ ખોરાક શરૂ કરવાની આગાહી.
૫૦ બાળકનો શરૂઆતનો ખોરાક.
૫૧ બાળકને ન્હવરાવવાનું ધોરણ.
૫૨ બાળકના અંગોની ખીલવણી.
૫૩ સ્વચ્છ હવાનો પરિચય.
૫૪ કસરત.
૫૫ બાળકના લોહીની શક્તિનું માપ.
૫૬ રહેવાનું મકાન કેવું જોઇએ ?
૫૭ બાળકને કેટલી ઉંઘ જરૂરની છે ?
૫૮ બાળકને કપડાં કેવાં પહેરાવવાં ?
૫૯ બાળકને ચાલતાં શી રીતે શીખવવું ?
૬૦ દાંત ફુટતી વખતે રાખવાની માવજત.
૬૧ બાળકને બોલતાં શી રીતે શીખવવું ?
૬૨ બાળકની સાથે માબાપોએ કેમ વર્ત્તવું ?
૬૩ માબાપ એ બાળકના વર્ત્તમાન ગુરૂ છે.
૬૪ સોબત તેવી અસર.
૬૫ તમાકુનો ઝેરી મહિમા.
૬૪ તમાકુનો હિંદમાં પ્રવેશ.
૭ બાળકો અને દાગીના.
૬૮ બાળઅંજન.
૬૯ બાળાગોળી.
૭૦ બાળકને બળીઆ શીળી કઢાવવાં.
૭૧ બાળકોને પ્રાથમિક શિક્ષણ.
૭૨ બાળ શિક્ષણમાં રાખવાની સંભાળ.
૭૩ બાળકના રોગ પારખવાની રીત.
૭૪ બાળકના ખાસ રોગો.
૭૫ બાળરોગો માટે ઓસડી.
૭૬ દવાનું પ્રમાણ.
૭૭ કર્ણવેધ સંસ્કાર.
૭૮ કેશ વપન સંસ્કાર.
૭૯ ઉપનયન સંસ્કાર.
૮૦ વિદ્યારંભ સંસ્કાર.
૮૧ શિક્ષણમાં માતાના સંકલ્પ બળની અસર.

## તૃતીય પરિચ્છેદ.

૮૨ પુત્રિ શિક્ષણ.
૮૩ માતાના વીરત્વનું ફળ.
૮૪ શિક્ષિત સ્ત્રીનો ગૃહસંસાર.

## ચતુર્થ પરિચ્છેદ.

૮૫ પ્રાચિન સતીઓનું શિક્ષણીય જીવન.
૮૬ કૌશલ્યા.
૮૭ સીતા.
૮૮ સુમિત્રા.
૮૯ જરૂત્કાર.


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯૦ ઉભયભારતી.
૯૧ લીલાવતી.
૯૨ દ્રૌપદી.
૯૩ ગાંધારી.
૯૪ મદાલસા.
૯૫ દમયંતી.
૯૬ મંદોદરી.
૯૭ તારામતી.
૯૮ મેનાવતી.
૯૯ કર્માદેવી.
૧૦૦ તારાબાઈ.
૧૦૧ પદ્માવતી.
૧૦૨ પ્રતાપરાણાની પત્ની.
૧૦૩ ચારૂમતી.
૧૦૪ મીરાંબાઈ.
૧૦૫ દુર્ગાવતી.
૧૦૬ અહલ્યાબાઇ.
૧૦૭ વેજીબાઈ.
૧૦૮ રાણી ચંદા.
૧૦૯ શ્રીમતી હરદેવી.
૧૧૦ કહાનદેવી.
૧૧૧ પરમેશ્વરી દેવી.
૧૧૨ રઘુરાજ કુમારી.
૧૧૩ સરલા દેવી.
૧૧૪ અજ્ઞાન સ્ત્રીઓનું વર્ણન.

### પંચમ પરિચ્છેદ.

૧૧૫ લગ્ન કેવડી ઉમ્મરથી જોડવા.
૧૧૬ કેવા વરને કન્યા પરણાવવી જોઇએ.
૧૧૭ સ્ત્રી પોતે સાસરે જતાં ધ્યાનમાં લેવા યોગ્ય નિયમો.
૧૧૮ પતિ પ્રત્યેના ધર્મ માટે શાસ્ત્રોની આજ્ઞા.
૧૧૯ ઘરેણાં કેવાં પહેરવા ?

### ષષ્ઠ પરિચ્છેદ.

પતિવ્રતા પ્રમદાઓ.

૧૨૦ સુલસા સતી.
૧૨૧ મદનરેખા.
૧૨૨ દમયંતી.
૧૨૩ સીતાજી.
૧૨૪ સુભદ્રા.
૧૨૫ અંજના સુંદરી.
૧૨૬ શિવાસુંદરી.
૧૨૭ દ્રૌપદી.
૧૨ જ્યેષ્ઠા.
૧૨૯ મૃગાવતી.
૧૩૦ કલાવતી.
૧૩૧ શીળવતી.
૧૩૨ ઋષિદત્તા.
૧૩૩ નંદયંતી.
૧૩૪ રતીસુંદરી.
૧૩૫ નર્મદાસુંદરી.
૧૩૬ બ્રહ્મબાળા.

### સપ્તમ પરિચ્છેદ.

૧૩૭ પૂર્વે પુત્રિઓને અપાતુ શિક્ષણ.
૧૩૮ સ્ત્રીઓની ૬૪ કળાઓ.
૧૩૯ બાળકીઓને જરૂરનું શિક્ષણ.
૧૪૦ નિયમિતપણું.
૧૪૧ માતૃપિતૃ ભક્તિ.
૧૪૨ વિદ્યા અને વિનયનુ શિક્ષણ.
૧૪૩ બુદ્ધિ વિકાસ.
૧૪૪ મિલનસાર પ્રથા અને ગૃહવ્યવસ્થા.
૧૪૫ સ્ત્રીઓનું સામાન્ય ધર્મ શાસ્ત્ર.
૧૪૬ સામાન્ય નીતિ સૂત્રો.
૧૪૭ સ્ત્રીઓની હાલત સુધારવા સંબંધી કેટલાક ઉપાયો.
૧૪૮ સ્વદેશ પ્રેમની ગરબી.

આવા ગ્રંથો કંઈ હમેશાં પડી રહેતા નથી. વહેલો તેજ પહેલો. પહેલી આવૃત્તિ ખલાસ થઇ જવાથી બીજી આવૃત્તિ કાઢી છે અને તે જોતજોતામાં ઉપડી જવા લાગી છે. માટે આ પુસ્તક ખરીદવામાં આળસ નહિ રાખવું જોઇએ. પાકું કપડાનું પુઠું, ઉંચા કાગળ અને લગભગ બસો પાનાનો, ચિત્રોથી ભરપૂર ગ્રંથ છે છતાં કીંમત રૂા. બેજ રાખી છે. ટપાલ ખર્ચ જુદો. તાકીદે મંગાવી લ્યો.

ધી 'આનંદ' પ્રીન્ટીંગ પ્રેસ સ્ટેશન રોડ. } સ્ત્રી સુખ દર્પણ ઓફીસ,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"આપણી સ્ત્રીઓ આપણી ગોષ્ટીમાં ભાગ લેતી, આપણી સાથે વાદ-વિવાદ કરતી, આપણા ઉદ્દગારો સમજતી-તેને પોષતી, પોતાની અલૌકિક પ્રેરણાશક્તિથી આપણી આધોપાધિઓને સાનમાં સમજી તેમાં ભાગ લેતી, આપણને શીતળતામય શાંતિ દેતી થશે-ત્યારેજ આપણો ઉદ્ધાર સંભવે છે. તે પહેલાં નહિ."

**મોહનલાલ કરમચંદ ગાંધી.**

---


**રાષ્ટ્રબન્ધુ,**

મહાત્માશ્રીના આ નિર્ણયમાં આપને શ્રદ્ધા હોય અને સ્ત્રીવર્ગને તેટલી હદે તૈયાર કરવાને ઉત્સુક હો તો દર માસે બહાર પડતું "સ્ત્રીસુખ દર્પણ" માસિક અગત્યનું સાધન છે તે સ્ત્રીઓને જરૂર વંચાવો. વાર્ષિક લવાજમ ફક્ત રૂા. ત્રણ.

સ્ત્રીઓનો કર્તવ્યધર્મ-ઘરગથ્થુ ઉદ્યોગ-બાળકોને ઉછેરી ભાવિ પ્રજા ઘડવાના વિવિધ મંત્રો અને સ્ત્રીઓના હાથે થઈ રહેલી દેશસેવાના તાજા અનુભવોના નિયમિત સંદેશા દર મહીને મેળવવા પાછળ ચાર આનાનો ખર્ચ કેવો ઉગી નીકળે છે તે તો વર્ષ દહાડે તેનું પરીણામ જોઈ શકો ત્યારેજ ખાત્રી થાય.

## આપ વર્ષદહાડે બ્હેનને પસલીમાં શું દેશો ?

ફક્ત ત્રણ રૂપીયામાં આખું વર્ષ બ્હેન સંભારે અને સદ્ગુણ શીખી દેશ-ધર્મ તથા કુટુંબ પ્રત્યેના પોતાના ધર્મ બજાવવા લાગે તે માટે આ માસિકની ભેટ મોકલવા આપને વિનંતિ કરીએ છીએ. બ્હેનોની કેળવણી ખાતર એક અડધા સાડલાની કીંમત જરૂર ખર્ચવા જેવું છે. નમુનાનો અંક ચાર આનાની ટીકીટ મોકલી મંગાવશો તો મળી શકશે.

લવાજમ મોકલી નામ નોંધાવો એટલે બ્હેનને ઘરે બેઠા આ માસિક દર મહીને તમારા વતી મળી જાય તેમ ગોઠવણ થશે.

જે ભાઈઓ આ માસિકના દશ ગ્રાહક કરી આપશે તેમને ઓનરરી એજંટ તરીકે માસિક આખું વર્ષ મફત મોકલીશું.

ઠે૦ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ,
સ્ટેશનરોડ-ભાવનગર.

**વ્યવસ્થાપક 'સ્ત્રીસુખ દર્પણ'—ભાવનગર.**

---

# પુસ્તક છપાવનારાઓને ખાસ સગવડ.

કોઇ પણ જાતનું સંસ્કૃત, ગુજરાતી વા ઇંગ્રેજી પુસ્તક, અગર પોથી-પાનાની સાઇઝમાં સ્વચ્છ અને સુંદર ટાઇપોથી અમારા પ્રેસમાં છાપવાનું કામ કરી આપવામાં આવે છે. કાગળો તેમજ બાઇન્ડીંગની સગવડતા પણ સાથેજ છે. તો પોથી, બુકો, રીપોર્ટો, માસિકો કે કાર્ડ, કંકોત્રી, હુંડી, ચેકબુક, ભરતીયાબુક વિગેરે નાનું મોટું કંઇપણ કામ છપાવવાનો વિચાર થતાં દરેક સંસ્થાઓ, પૂજ્ય મુનિરાજો તથા અન્ય સદ્ગૃહસ્થો નીચેના શિરનામે પુછપરછ કરવા તસ્દી લેશો તો અવશ્ય લાભ થશે.

**શા. દેવચંદ દામજી અને ગુલાબચંદ લલ્લુભાઇની કું.**
માલેકો આનંદ પ્રીન્ટીંગ પ્રેસ, ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ ૨ જો, રૂા. ૩-૮-૦

પ્રાચિન જૈન લેખ સંગ્રહ ભાગ ૧લાની નકલો કેટલાક મહાશયો હવે તદન થઇ રહ્યા બાદ મંગાવે છે. પ્રાચીન શોધખોળના ગ્રંથો તુરતમાંજ ખપી જતા હોવાથી પાછળથી અમારે ના લખવી પડે છે, જેથી બીજા ભાગ માટે પણ નિરાશ ન થવું પડે. માટે તાકીદે મંગાવી લેવા વિનંતિ છે. પોસ્ટ ખર્ચ જુદો.

## સ્વાર્થ સાથે પરમાર્થ.

શ્રી ગોંડલ રાજ્યની ખાસ પરવાનગીની પાંજરાપોળ ઇનામી ફંડ કાઢેલું છે. ઇનામની સંખ્યા—

| | |
|---|---|
| ૧ રૂ. ૧૦૦૦૦ નું | કુલ ઇનામની સંખ્યા. ૧૦૪૩ ની રકમ |
| ૨ રૂ. ૫૦૦૦ નું | રૂ. ૨૩૫૦૦ ટીકીટો ૫૦૦૦૦ |

ખુલવાની મુદત—તા. ૨૩-૭-૧૯૨૨ ના રોજ ઇનામો બ્હાર પડશે. તા. ૧૬-૯-૧૯૨૨ ના રોજ હીસાબ બંધ થશે.

આ ટીકીટોનું વેચાણ આફ્રિકા, કલકત્તા, મુંબઇ, અમદાવાદ, વડોદરા, ભાવનગર, સુરત તમામ શહેરોમાં જથ્થાબંધ ખપી છે માટે તાકીદથી ભરાવી, નશીબની અજમાયશ સાથે પરમાર્થ કરો. આ ટીકીટનું શરૂ વેચાણ થવાથી ધોલેરા પાંજરપોળને કમીશનનો સારો લાભ મળશે.

ધોલેરાના સર એજંટ—શા. પોપટલાલ સવાઈચંદ.
વડોદરાના એજંટ—કોઠારી નાથાલાલ ગોરધનદાસ.
ભાવનગરના એજંટ —શ્રી જૈન આત્માનંદ સભા.
વકીલ મોતીચંદ નામજી.
ઘોઘા—શેઠ કાળા મીઠાની પેઢી.
જુનાગઢ—શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી.
પાલીતાણા—શેઠ તલકચંદ જૈન લાયબ્રેરી.
હેડ ઓફીસ ગોંડલ—પાંજરાપોળ ઇનામી ફંડ.

ગોંડલ. (કાઠીયાવાડ)

શેઠ મણીલાલ ધારશી પ્રમુખ.
વકીલ પોપટલાલ હેમચંદ સેક્રેટરી
ઠાકોર કલ્યાણજી દેવકરણ સેક્રેટરી.

## જાહેર ખબર.

ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનન્દસૂરિશ્વરજી જૈનસાહિત્ય ચિત્રમાલા—પ્રથમ પુષ્પ-શ્રીપાર્શ્વનાથ કુમાર અને કમઠ તાપસનું—અહિંસા પરમો ધર્મઃ એ જૈન ધર્મના મહાન સિદ્ધાંતનો કમઠ નામના તાપસને બોધ આપનારૂં સુંદર, રંગીન, મોટી સાઇઝનું ચિત્ર—દરેક નકલનો રૂા. ૧) ટપાલ ખર્ચ છ આના-૬ નકલો સામટી મંગાવનારને ફક્ત રૂા. ૪) ટપાલ ખર્ચ સર્વ માફ. વી. પી. થી મોકલવામાં આવશે. એજન્ટને સારૂં કમિશન. પત્ર વ્યવહાર કરવો.

શા. મોતીલાલ નેમચંદ મોદી.
ઠે૦ નારકેશ્વર પાસે—વડોદરા.


For Private And Personal Use Only

# " કામ કરો અને ધૈર્ય ધરો. "

૧ ઘણા બુદ્ધિમાન પુરૂષો ધીમે ધીમેજ વિકાસ પામ્યા છે. ઓકનાં ઝાડ કે જે એક હજાર વર્ષ પર્યન્ત જીવે છે તે બરૂની પેઠે એકદમ ખીલી આવીને સૌન્દર્ય પ્રકાશિત કરતાં નથી.

૨ તમારા ગુણોનો સદુપયોગ કરો એટલે તે વિકાસ પામશે. તમારામાં જે કંઇ જ્ઞાન હોય તેનો સદુપયોગ કરો એટલે તમને વિશેષ જ્ઞાન પ્રાપ્ત થશે.

૩ જે ડહાપણ ભરેલી રીત્યે ધૈર્ય ધારણ કરે છે તેને સદ્‌વસ્તુઓ પ્રાપ્ત થાય છે.

૪ અધીરાઇ એ અત્યંત ખરાબ પ્રકારની ઝડપ ( ઉતાવળ ) છે.

૫ ઉતાવળ ગોથાં ખવરાવે છે અને બંધન તથા અંતરાય ઉત્પન્ન કરે છે.

૬ જેઓ અતિ વેગથી દોડે છે તેઓ રસ્તામાંજ ઠોકર ખાઇને તૂટી પડે છે.

૭ આ સમયમાં એવા માણસોની જરૂર છે કે જગતની નિંદા વા સ્તુતિની કાંઇપણ દરકાર રાખ્યા વગર કામ કરવાની અને ધૈર્ય રાખવાની હિંમત અને શક્તિ ધરાવતા હોય.

૮ કામ કરવાથી અને ધૈર્ય ધરવાથીજ સંપૂર્ણતા પ્રાપ્ત થાય છે.

૯ જે સ્વામી બનવા ઉતાવળ કરે છે તે ગુલામ બની જાય એવો વધારે સંભવ છે.

૧૦ જેમને અસાધારણ કાર્યો કરવાની ઇચ્છા હોય તેમણે બચપણમાંથીજ તેનો પાયો નાખવા માંડવો જોઇએ.

૧૧ બાળકને નાનપણમાંથી લઇને નિયમપૂર્વક શારીરિક, માનસિક અને નૈતિક ઉમદા શિક્ષણ આપવામાં આવે તો તે કેવાં ચમત્કારિક કાર્યો કરી શકે ?

૧૨ મનુષ્યની પાસે જેમ વિશેષ કામ હોય છે તેમ તે વિશેષ કાર્ય સિદ્ધિ કરી શકે છે કારણ કે તેથી તે સમયની કરકસર કરતાં શીખે છે.

૧૩ અનેક વર્ષો સુધી સ્વાર્થત્યાગ અને સખ્ત પરિશ્રમ કરવાથીજ કીર્તિ વધે છે.

૧૪ શક્તિનો જે ભંડાર આપણને મહાન સંકટોમાંથી મુક્ત કરે છે તે દીર્ઘકાળ પર્યન્ત કામ કરવાથી અને લાંબા સમય સુધી ધૈર્ય ધારવાથીજ એકઠો થઇ શકે છે.

૧૫ વધુમાં વધુ કાર્ય સારીરીતે કરવાની અને અણીના વખતે પણ ઉત્તમોત્તમ નીતિપૂર્વક કામ કરવાની શક્તિ કે આદત કાયમ હોય એનું નામજ શક્તિનો ભંડાર છે.

Atmanand Prakash Regd. N. B. 431